જાગૃતિ સંદેશ

કિંમત : રૂ. ૫.૦૦

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

વર્ષ ૧૩ – સળંગ અંક : ૧૪૯ – મે – ૨૦૧૨



સબ સે સુંદર મેરા ભારત



સચ્ચા હૈ

NHC Saaz™

Sa Re Kha Na

અચ્છા હૈ

સાઝ મસાલાની સરગમ, સ્વાદ યમ યમ!

"શુદ્ધતા બેમીસાલ...
એકજ ચપટી
કરી દેસે કમાલ"

અસલી રાજાપુરી

હળદર પાવડર

૧૦૦% સ્વાસ્થ્યપ્રદ

NHC

NHC Foods Limited

(Govt. Recognised Star Export House)

An ISO 22000:2005
(Food Safety Management System)
& An ISO 9001:2008 Certified Company

Email : saaz@nhcgroup.com

For more products log on to **www.nhcgroup.com**

100% Natural

100% Genuine

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**

કેબિનેટ કમિટી

ચેરમેન : શ્રી રમેશ જે. મોરબિયા
તા.ભૂ.પૂ.ચેરમેન : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી
ફાઉન્ડર ચેરમેન : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા
વાઈસ ચેરમેન : શ્રી સંજય બી. શાહ
શ્રી દીનેશ એલ. નાણાવટી
સેક્રેટરી જનરલ : શ્રી પ્રફુલ્લ વી. કામદાર
સેક્રેટરી : શ્રી કિશોર એસ. શેઠ
શ્રી જયંતીલાલ કે. છાડવા
શ્રી ઉદય ડી. સંઘવી
શ્રી દ્વિજેષ પી. શાહ
ડેવલપમેંટ સેક્રેટરી : શ્રી અનિલ જી. દોશી
ખજાનચી : શ્રી રાજેષ સી. ગાંધી
શ્રી રાજેષ આર. ભણશાલી
તંત્રી : શ્રી રમેશ એમ. સંઘવી

જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-કમિટી

ચેરમેન : શ્રી કિશોર એન. શાહ
તા.ભૂ.પૂ.ચેરમેન : શ્રી કિરણ એચ. શાહ
વાઈસ ચેરમેન : શ્રી ચંદ્રવદન આર. શાહ
વાઈસ ચેરમેન : શ્રી રમેશ જે. મોરબિયા
સેક્રેટરી : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી
સેક્રેટરી : શ્રી સંજય બી. શાહ
જો. સેક્રેટરી : શ્રી પ્રફુલ્લ વી. કામદાર
ખજાનચી : શ્રી હસમુખ કે. દેઢિયા
સહખજાનચી : શ્રી અનિલ જી. દોશી

: ટ્રસ્ટીઓ :

શ્રી દીપચંદ એસ. ગાર્ડી
શ્રી કમલેશ સી. શાહ
શ્રી પ્રવીણ જી. શાહ
શ્રી હર્ષદ જે. ગાંધી
શ્રી કિશોર એસ. શેઠ
શ્રી નીતિન એમ. સંઘવી
શ્રી જયંતી કે. છાડવા
શ્રી શૈલેશ ડી. શાહ
શ્રી રસિક એન. કોઠારી
શ્રી રાજેશ સી. ગાંધી
શ્રી રાજેશ આર. ભણસાલી
શ્રી પ્રવીણ એ. શાહ
શ્રી રમેશ એમ. સંઘવી

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.

છૂટક મૂલ્ય રૂ.૫/- **વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**

Message From The CHAIRMAN.....

પ્રિય સ્નેહાળ સભ્યો,

જય જિનેન્દ્ર,

લો, વૅકેશન પૂર્ણ થવાના આરે આવી ગયું. પરિણામો આવતાં થઈ જશે તેમ તેમ કસોટી શરૂ. કેટલાકને સ્કૂલ બદલાવવાની હશે તો ઘણાને SSC પછી મનગમતી સાનુકૂળ કૉલેજમાં ઍડ્મિશન લેવાનું હશે. ઘણાબધાને ૧૨મી પછી મહત્ત્વાકાંક્ષી લાઈનમાં સારી કૉલેજમાં પ્રવેશ લેવાનો હશે. વડીલો થોડા સમય પછી ઉચ્ચક જીવે હાંફળાફાંફળા થઈને વડીલો દોડતા દેખાશે. ડોનેશન, ફીની અને અન્ય ખર્ચાની વ્યવસ્થા કરવાની હશે, કારણ આજે જિંદગીનો મુખ્ય GOAL બાળકોનું એજ્યુકેશન થઈ ગયું છે. જીવનનિર્વાહના કુલ ખર્ચાનો ૪૦% થી ૫૦% હિસ્સો ફક્ત 'કેળવણી' જ લઈ જાય છે. આ બધાં બાળકોને આજે 'Mothers day'ના સાત્ત્વિક દિવસે ખાસ સલાહ આપું છું કે ભવિષ્યમાં તમે કદાચ બહુ જ મોટી મહાન વ્યક્તિ બની જાવ, પણ આટલી બધી વિટંબણામાં પણ તમારું ભવિષ્ય ઊજળું બનાવનાર મા-બાપને કદીય ઓછું આવવા દેતાં નહીં.

આશા રાખું છું કે વૅકેશનમાં તમે પરિવારસહ થાક ઉતારવા અને તાજામાજા થવા ક્યાંક સારી જગ્યાએ ગયા હશો જ. ભારતમાં જેટલાં પ્રકૃતિમય આધ્યાત્મિક દર્શનથી માતબર સ્થળો છે એટલાં દુનિયાનાં કોઈ પટમાં નથી એવું હું લગભગ બધા જ દેશોની સફર કર્યા બાદ દાવાથી કહી શકું, એટલે જ પ્રથમ દેશ જુઓ પછી દુનિયા એવી સલાહ આપું છું.

એકેએક દિવસ ખૂબ જ પ્રવૃત્તિમય જાય છે. જેજેસીનાં લગભગ મુખ્ય સેન્ટરો વિવિધ પ્રવૃત્તિથી ધમધમી રહ્યાં છે ત્યારે મેં શરૂઆતમાં જ જાહેર કરેલ મારા સંકલ્પ પ્રમાણે બધાં જ સેન્ટરોની મુલાકાત આવરી લેવાનો દોર ચાલુ થઈ ગયો છે. સેન્ટરોની મુલાકાત સમયે ઘણાબધા કમિટી સભ્યો ઉપરાંત આમ સભ્યોને મળવાનો મોકો મળે છે ત્યારે મારા જેજેસી પરિવારને મળી હૃદય પુલકિત થઈ જાય છે. સભ્યો-સેન્ટરો તરફથી અભૂતપૂર્વ પ્રતિભાવ મળી રહ્યો છે જે મારું પ્રેરકબળ છે. ઘણી વાર હું ચિંતન કરું છું ને એવું Feel થાય છે કે કદાચ મારી પાસે સમય ઓછો પુરવાર થશે. એટલા માટે હું આજનું કામ કાલ પર છોડતો નથી. હું દૃઢપણે માનું છું કે આળસુ લોકો માટે જ ભગવાને આવતી કાલ સર્જી છે અને ગતિ દ્વારા જ પ્રગતિ થાય છે.

અમે આ મહિનામાં વાઈસ ચેરમેન શ્રી સંજય શાહ તથા સેક્રેટરી જનરલ શ્રી પ્રફુલ્લ કામદાર સાથે પરિવારનાં દૂરનાં સેન્ટર - સતના

અને રાયપુરની શુભેચ્છા મુલાકાતે જઈ આવ્યા. બન્ને સેન્ટરો ખૂબ જ સુંદર પર્ફોર્મન્સ આપી રહ્યાં છે. Communicationના અભાવે આ સેન્ટરોની વિવિધ લોકોપયોગી પ્રવૃત્તિથી આપણે વાકેફ નથી. હું દરેક સેન્ટરને આ સાથે સૂચન કરું છું કે કમિટીમાંથી કમ સે કમ એક એવા સભ્યની નિમણૂક કરો કે જે સેન્ટરની ગતિવિધિનો રિપોર્ટ સેન્ટ્રલ બોર્ડને સમયસર મોકલી આપે. તાજેતરમાં માનવરાહતના બે મેગા પ્રોજેક્ટ જેજેસી-પોરબંદર અને જેજેસી-ઘાટકોપરે કર્યા છે. પહેલા દેશ-સમાજ કે કુટુંબ પ્રત્યે Devotionના ઉલ્લેખમાં તન-મન અને ધન શબ્દથી નવાજવામાં આવતું, પણ છેલ્લા કેટલાક પ્રસંગોમાં જેજેસી દ્વારા તન-મન-ધન અને સમયનો ઉલ્લેખ કરવામાં આવે છે, કારણ બધું જ અર્પણ કરી રહેલ માનવંતી વ્યક્તિ પાસે સમયનો અભાવ હોય છે, તેથી જે સંસ્થા માટે 'સમય' આપી શકે તેને પણ Devotion ગણી લેવાનો વખત આવી ગયો છે. તેવી જ રીતે માણસની પ્રાથમિક જરૂરિયાત રોટી-કપડાં-મકાનમાં હવે બે નવાં પરિમાણ ઉમેરાઈ ગયાં છે. રોટી-કપડાં-મકાન સાથે હવે એજ્યુકેશન અને મેડિસિન પ્રાથમિક જરૂરિયાતમાં ગણાય છે, તેથી જ આવા મેડિકલ કૅમ્પને અમે બિરદાવીને પ્રોત્સાહન આપીએ છીએ. આ કૅમ્પમાં પોરબંદરના લગભગ ૩૫૦ અને ઘાટકોપરના ૩૫૦૦ જેટલા જરૂરિયાતમંદોએ લાભ લીધો જે એક રેકર્ડ ગણી શકાય!

આ રક્તદાન શિબિરમાં ૩૦ જેટલી બોટલ રક્ત એકત્ર થયું તેમાં સેન્ટ્રલ બોર્ડના આઈ. પી. ચૅરમૅન શ્રી જિતુભાઈ કોઠારીએ ૧૪૮મી વાર રક્તદાન કર્યું. આ રીતે ફેબ્રુઆરી ૨૦૧૩મા ૧૫૧મી વખત રક્તદાન કરશે તે બદલ તેમને ખાસ અભિનંદન. આના સંદર્ભમાં રવિવાર, તા. ૧૦-૨-૨૦૧૩ના રોજ દુનિયાભરનાં દરેક જેજેસી સેન્ટરો પોતપોતાના વિસ્તારમાં રક્તદાન શિબિરનું આયોજન કરે અને આ મહાયજ્ઞમાં વધુમાં વધુ રક્ત એકત્ર કરી ગિનીસ બુક ઑફ રેકર્ડમાં જેજેસીનું નામ નોંધાવીએ તેવી આશા રાખીએ છીએ, જેના આયોજનની માહિતી ટૂંક સમયમાં જ દરેક સેન્ટરમાં મોકલી આપવામાં આવશે. તે દિવસે કોઈ પણ સેન્ટર અન્ય કાર્યક્રમ રાખે નહીં તેવી સૂચના આપીએ છીએ. બીમારીની સારવારનો ખર્ચ ખૂબ જ વધી ગયો છે ત્યારે આવા સામાજિક પ્રોજેક્ટ આવકાર્ય છે.

જેજેસી-અંકલેશ્વરે વળી નવી ફેકલ્ટીમાં પગરણ કર્યાં. જેજેસી પરિવારનાં બધાં જ સેન્ટરોને તેણે યોજેલ Dance Competetionમાં આમંત્રી એક નવી પગદંડી બનાવી. હવે દરેક સક્ષમ સેન્ટર આવા કળા-સંસ્કૃતિને ઉજાગર કરતા કાર્યક્રમો કરશે તો અમે પ્રોત્સાહન આપીશું. જે સ્પર્ધકો જઈ આવ્યા તેઓ તેની વ્યવસ્થા અને મહેમાનગતીની સરાહના કરે છે. અમારી સેન્ટ્રલ બોર્ડની ટીમ પણ તે જોવા-માણવા ગયેલી. બધા ખુશ થઈ ગયા.

જેજેસી-બોરીવલીના યુવામેળાનું આયોજન વિશેષરૂપે પરિણામલક્ષી પુરવાર થયું. આપણા સેક્રેટરી જનરલ શ્રી પ્રફુલ્લ કામદારની સૂઝબૂજથી આ પ્રોજેક્ટ ધ્યાનાકર્ષક બની રહ્યો. તેનો અહેવાલ અન્યત્ર છપાયેલો છે. એક વાત ફલિત થાય છે કે ભાગ લેનારાં બધાં યુવક-યુવતીઓ ખૂબ ભણેલાં અને સારી કૅરિયર ધરાવતાં હતાં. ઉપરાંત Outlookનું સ્ટાન્ડર્ડ પણ ખૂબ જ સુધરી ગયું છે. ભાગ લેનાર યુવક-યુવતીઓને મારી ખાસ અરજ કે તમારું સગપણ થાય એટલે તુરત જ આયોજકોને વાકેફ કરો જેથી આયોજકોને પણ તેમણે કરેલી જહેમત સિદ્ધ થઈ રહી છે તેની પ્રતીતિ થાય અને તેથી માહિતી અને પ્રોત્સાહન મળે.

હાયર એજ્યુકેશન ૨૦૧૨નો ઘંટારવ વાગી ચૂક્યો છે. શુભારંભ થઈ ગયો છે. જ્યાં જ્યાં જઈએ છીએ ત્યાંથી 'અપેક્ષાથી અધિક' પ્રતિસાદ આવી રહ્યો છે. આ દર્શાવે છે કે અમારો સાત વર્ષનો પુરુષાર્થ એળે નથી ગયો. લોકોમાં જાગૃતિ આવી છે. હવે તેઓ એજ્યુકેશનને મહત્ત્વ આપી રહ્યા છે અને આ અભિયાનમાં ઉદાર દિલથી ફાળો આપી રહ્યા છે. આ સમાજનું એક સુરેખ ચિત્ર રજૂ કરે છે. પ્રાથમિક શિક્ષણમાં તો જૈન કૉમ્યુનિટીનો આંક ભારતમાં સૌથી ઊંચો - ૯૪% છે જ, પણ હવે એ દિવસો દૂર નથી કે ગ્રૅજ્યુએટ-ડબલ ગ્રૅજ્યુએટમાં પણ તે ઉપરનો આંક મથાળું વટાવી જશે. ત્યારે આપણને સંતોષનો ઓડકાર આવશે. ૨૦૦૫માં શરૂ કરાયેલ આ અભિયાનનો કેટલા જૈન વિદ્યાર્થીઓએ લાભ લીધો તેના Statastics અહેવાલ આપતા Browshers બધાં સેન્ટરોના પદાધિકારીઓને મોકલી આપવામાં આવ્યા છે. ઉપરાંત આપણા આ અભિયાનને તાદૃશ રજૂઆત કરતી Documentary ફિલ્મની C.D. પણ મોકલાવી છે, જે આપના અન્ય સભ્યમિત્રો સમક્ષ રજૂ કરી તેમને જણાવજો કે તેઓ આપણા જૈનોના કેવા ઉમદા અને પવિત્ર કાર્યના ભાગીદાર થયા છે? ખાસ અપીલ કરજો કે આ પ્રોજેક્ટ માટે ડોનેશન તો હવે ટીપેટીપે નહીં, પણ પાઈપલાઈન

મારફત આવી રહ્યું છે. મુખ્ય મહત્ત્વની વાત એ છે કે આવડા મોટા પ્રોજેક્ટના પુણ્યફળથી જેજેસીનો કોઈ પણ સભ્ય-વિદ્યાર્થી વંચિત ન રહેવો જોઈએ!

આપણી સંસ્થાના Efficient Management માટે એક ક્રાંતિકારી નિર્ણય લઈ દરેક સેન્ટરને આવરી લેતા ગુજરાત ખાતે Area Co-ordinatorની નિમણૂક કરવામાં આવી. Co-ordinatorનાં નામ અન્યત્ર છપાયેલાં છે. કુલ આઠ વિભાગ પાડી કુલ ૧૬ કૉ-ઑર્ડિનેટરની નિમણૂકથી દરેક સેન્ટર સાથેનો સંપર્ક ઝડપી બનશે. Modern Managementમાં Feedback Systems બહુ જ અગત્યનો ભાગ ભજવે છે. Co-ordinatorની ફરજ દરેક સેન્ટર અને સેન્ટ્રલ બોર્ડ વચ્ચે સેતુ સાંકળવાની છે. ઝડપી નિર્ણય અને ઝડપી અમલ માટે આ જરૂરી બની રહેશે. હવે કોઈ સેન્ટર નબળું નહીં પડે અને જો પડશે તો તાત્કાલિક ઉપાય કરવામાં આવશે.

શ્રી મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ મોટા ભાગનાં જેજેસી-સેન્ટરોએ બહુ જ ધામધૂમથી ઊજવ્યો, પણ તેમાં બોટાદ સેન્ટર ખાસ ઉલ્લેખનીય છે. બોટાદ સેન્ટરે ભગવાનનો સંદેશો સામાન્ય જન સુધી પહોંચાડવા તે દિવસે એક ભવ્ય રૅલીનું આયોજન કર્યું જેમાં સમાચાર પ્રમાણે બોટાદ જેવા મિડિયમ કદના શહેરમાં ૧૫૦૦ જેટલા જૈનો જોડાયા અને ૨ કિ.મી. જેટલી લાંબી શોભાયાત્રાનું આયોજન કર્યું. બોટાદ સેન્ટરની કારોબારીને ધન્યવાદ!

પોરબંદર સેન્ટરે જે મેડિકલ કૅમ્પનું આયોજન કર્યું તેમાં પ્રોત્સાહનરૂપે સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટે રકમ મોકલાવેલ, પરંતુ અન્ય ડોનેશન આવતા તે રકમ પૂરી ન ખર્ચાતા, પાંચ દિવસમાં જ વધેલી રકમ અને મેડિકલ કૅમ્પના ખર્ચનો હિસાબ સેન્ટ્રલ બોર્ડને મોકલી એક ઉદાહરણીય પગલું ભર્યું.

દર વર્ષની જેમ જ સેન્ટ્રલ બોર્ડ દ્વારા સમૂહલગ્નનું આયોજન આ વર્ષે રવિવાર, તા. ૧૬ ડિસેમ્બરના રોજ મુકરર કરવામાં આવ્યું છે. જાહેરાત સાથે ફક્ત ૧૫ દિવસમાં જ ૨૧ નામ આવી જતાં રજિસ્ટ્રેશન બંધ કરવું પડે છે.

છેલ્લે જૈન સમાજના એક Historical Eventનો ઉલ્લેખ કરવો જ ઘટે. ૨૨૫/૨૫૦ વર્ષ પહેલાં સૂકાભઠ્ઠ પ્રદેશમાં પાણીની અછતથી ત્રાસેલા કચ્છી અને ઝાલાવાડી જૈન બંધુઓ સમુદ્ર માર્ગે કચ્છ-સૌરાષ્ટ્રથી ફિરંગી શાસિત મુંબઈ આવીને સેટ થયા ત્યારે પણ જૈનો તેમનો ધર્મ ભૂલ્યા નહીં. પાયધુની ખાતે એક નાનકડું દેરાસર બનાવી ગોડીજી પાર્શ્વનાથ પ્રભુની સ્થાપના કરી. આ દેરાસરની ૨૦૦ વર્ષની ઉજવણી મુંબઈમાં આ વર્ષે ન ભૂતોઃ રીતે કરવામાં આવી. એક મહિના ચાલેલા આ પ્રતિષ્ઠાનના છેલ્લા દિવસે વિરારથી મુંબઈ અને મુંબઈથી કલ્યાણ સુધીના દરેક જૈનોને આવરી લઈ એક જંગી સ્વામીવાત્સલ્ય (નવકારશી)નું આયોજન થયું. તે દિવસે મુંબઈભરના જૈનોએ એક જ સમયે તાજાં રસપૂરીનું જમણ લીધું. ૮ લાખ જૈનો! કેવું મૅનેજમેન્ટ, કેવી વ્યવસ્થા! ચુસ્તતાથી જૈન ધાર્મિક નિયમોને વળગી રહીને આ કાર્ય પાર પાડયું. આ એક અજાયબ ઘટના કહેવાય. દુનિયાભરના મૅનેજમેન્ટ ગુરુઓને શિક્ષણના પાઠ મળી રહે તેવી રીતથી વ્યવસ્થા થઈ. દા.ત. ૧૩૦ જગ્યાએ જમણનું આયોજન કરવામાં આવેલું, પણ ક્યાંય ૬ વાગ્યા પહેલાં ચૂલા સળગાવવામાં આવ્યા નહીં. કેરીનો રસ કાઢવાની શરૂઆત પણ સૂર્યોદય પછી જ કરવામાં આવી. ક્યાંય અશાતના ન થાય તેનું ધ્યાન રાખવામાં આવ્યું. ધન્યવાદ છે એ કુટુંબને કે જેમણે ઉચ્ચ ધાર્મિક ભાવનાથી આ કાર્ય પાર પાડયું. અનેકતામાં જૈનો એક છે એ ફરી એક વાર સાબિત થઈ ગયું.

લિ. રમેશ મોરબિયા ચૅરમૅન:
જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ

વાર્ષિક સામાન્ય સભા (AGM)

હજી સુધી જે સેન્ટરે વર્ષ ૨૦૧૧નો વાર્ષિક અહેવાલ અને બેલેન્સશીટ સેન્ટ્રલ બોર્ડને મોકલાવેલ નથી તેમને ખાસ ટકોર કે શુક્રવાર, તા. ૩૦-૬-૨૦૧૨ સુધીમાં જરૂરથી મોકલાવી દે. *– રાજેશ ગાંધી-રાજેશ ભણશાળી*

જેજેસી-જુહુ : તા. ૭-૫-૨૦૧૨, સોમવાર : ભાઈદાસ સભાગૃહ

જેજેસી-કાંદિવલી : તા. ૮-૫-૨૦૧૨, મંગળવાર : ભાઈદાસ સભાગૃહ

મુખપૃષ્ઠ

મારો ભારત વિશાળ દેશ છે. અનેક સંસ્કૃતિનું મિલનસ્થળ છે. અનેક સદીઓનો ઇતિહાસ છે. રણ છે, વન છે, દરિયો છે, પર્વત છે, ખીણ છે, સરોવરો છે, માફકસર ઠંડી-ગરમી-વરસાદ છે, સમશિતોષ્ણ હવામાન છે, નામી સ્થાપત્યો છે, સંવેદના છે, જાત્રાસ્થળો છે, પિકનિક પૉઈન્ટ છે, સાહસ પૉઈન્ટ છે, પ્રકૃતિ છે, સંસ્કાર છે, મહેમાનગતી છે, પછી શા માટે વિદેશનો મોહ?

પહેલા દેશ જુઓ પછી વિદેશ જાઓ.

મેરા દેશ સબ સે સુંદર, વાહ! વૅકેશનમાં ભારતદર્શન કરો.

મનોરંજનની અટારીએથી

જે.જે.સી.		તારીખ	કાર્યક્રમ	
• અમૃતનગર	:	૦૮-૦૪-૧૨	મૂવી : 'હાઉસફૂલ-૨'	✉
		૨૪-૦૪-૧૨	નાટક : 'રૂપિયાની રાણી ને ડૉલરિયો રાજા'	★
• ભાંડુપ-વિક્રોલી	:	૦૮-૦૪-૧૨	મૂવી : 'હાઉસફૂલ-૨'	✉
		૨૧-૦૪-૧૨	નાટક : 'કૅશ છે તો એશ છે'	✉
		૨૯-૦૪-૧૨	મૂવી : 'તેઝ'	✉
• બીચ સાઈડ	:	૧૬-૦૪-૧૨	ગૅમ : 'Ultimate Game Show - Happy Birthday'	★
• બોરીવલી	:	૨૫-૦૪-૧૨	નાટક : 'કૅશ છે તો એશ છે'	✉
• ચેમ્બુર	:	૧૬-૦૪-૧૨	નાટક : '...અને પાનખર વીતી ગઈ'	★
• દાદર	:	૨૪-૦૩-૧૨	નાટક : '...અને પાનખર વીતી ગઈ'	★
		૦૧-૦૪-૧૨	ગઝલ : 'Moments with Pankaj Udhas'	✉
		૧૦-૦૪-૧૨	મૂવી : 'હાઉસ ફૂલ-૨'	✉
		૩૦-૦૪-૧૨	પ્રહસન : 'આડોશી v/s પાડોશી'	✉
• ગોલ્ડન ગારોડિયા	:	૨૨-૦૪-૧૨	નાટક : '...અને પાનખર વીતી ગઈ'	✉
• જુહુ	:	૦૭-૦૪-૧૨	મૂવી : 'હાઉસ ફૂલ-૨'	▲
		૦૯-૦૪-૧૨	નાટક : 'કૅશ છે તો એશ છે'	★
		૧૧-૦૪-૧૨	મૂવી : 'Titanic-(3D)	✉
• જુહુ બીચ	:	૧૯-૦૪-૧૨	ગૅમ : 'Ultimate Game Show'	★
• જૂનાગઢ	:	૨૨-૦૪-૧૨	પ્રહસન : 'છગન મગન તારા છાપરે લગન'	★
• લે. વિં. મુંબઈ સેન્ટ્રલ	:	૧૯-૦૩-૧૨	મૂવી : 'કહાની'	✉
		૨૨-૦૩-૧૨	નાટક : '...અને પાનખર વીતી ગઈ'	✉
		૧૧-૦૪-૧૨	સંગીત હાઉઝી : 'સદાબહાર અદાકાર હાઉઝી'	★
• મલાડ	:	૨૯-૦૩-૧૨	નાટક : 'એમ પૂછીને થાય નહીં પ્રેમ'	★
		૨૬-૦૪-૧૨	નાટક : 'કૅશ છે તો એશ છે'	★
• મુલુંડ	:	૧૦-૦૪-૧૨	કવ્વાલી : 'જુનૂન-કવ્વાલી તથા સૂફી ગીત'	✉
		૨૭-૦૪-૧૨	નાટક : 'રૂપિયાની રાણી ને ડૉલરિયો રાજા'	✉
• મુંબઈ	:	૦૮-૦૪-૧૨	ઑર્કેસ્ટ્રા : 'એક દૂજે કે લીયે'	★
		૧૮-૦૪-૧૨	નાટક : 'એમ પૂછીને થાય નહીં પ્રેમ'	✉
• નવી મુંબઈ	:	૨૩-૦૪-૧૨	નાટક : '...અને પાનખર વીતી ગઈ'	✉
		૨૬-૦૪-૧૨	પ્રહસન : 'આડોશી v/s પાડોશી'	✉

• નોર્થ વેસ્ટ	:	૦૬-૦૧-૧૨	ઓર્કેસ્ટ્રા : 'યે જો મોહબ્બત હૈ'	★
		૧૫-૦૧-૧૨	ઉત્સવ : 'પતંગોત્સવ'	▲
		૨૯-૦૧-૧૨	મૂવી : 'અગ્નિપથ'	✉
		૧૪-૦૨-૧૨	ઑર્કેસ્ટ્રા : 'એક દૂજે કે લીયે'	▲
		૧૯-૦૨-૧૨	ઉત્સવ : 'આનંદમેળો'	▲
		૨૦-૦૨-૧૨	નાટક : 'ગાંધી તારી બીક છે, બાકી બધું ઠીક છે'	✉
		૦૮-૦૩-૧૨	ઉત્સવ : 'ધુળેટી રંગોત્સવ'	★
		૧૪-૦૩-૧૨	નાટક : '...અને પાનખર વીતી ગઈ'	✉
		૨૬-૦૩-૧૨	મૂવી : 'એજન્ટ વિનોદ'	✉
		૦૯-૦૪-૧૨	નાટક : 'રૂપિયાની રાણી ને ડૉલરિયો રાજા'	★
		૧૧-૦૪-૧૨	મૂવી : 'હાઉસ ફૂલ-૨'	✉
		૩૦-૦૪-૧૨	મૂવી : 'તેઝ'	✉
• રાજાવાડી	:	૦૭-૦૪-૧૨	રંગારંગ : 'મીતાક્ષરી – ગુજરાતી ગીતોની અંતાક્ષરી'	✉
		૧૨-૦૪-૧૨	નાટક : 'રૂપિયાની રાણી ને ડૉલરિયો રાજા'	★
• રાજકોટ મેન	:	૨૬-૦૨-૧૨	મૂવી : 'જોડી બ્રેક'	★
• સયાજીનગરી	:	૧૮-૦૪-૧૨	નાટક : 'ગાંધી તારી બીક છે, બાકી બધું ઠીક છે'	✉
• સાયન-માટુંગા	:	૩૦-૦૩-૧૨	નાટક : '...અને પાનખર વીતી ગઈ'	✉
		૦૯-૦૪-૧૨	નાટક : 'એમ પૂછીને થાય નહીં પ્રેમ'	★
		૧૫-૦૪-૧૨	મૂવી : 'હાઉસફૂલ-૨'	✉
• સી સાઈડ	:	૧૮-૦૪-૧૨	ગૅમ : 'Ultimate Game Show'	★
• શિવાજી પાર્ક	:	૦૪-૦૪-૧૨	ધાર્મિક : 'નવકાર જાપ' (નવકારશી)	★
		૧૩-૦૪-૧૨	નાટક : 'ગાંધી તારી બીક છે, બાકી બધું ઠીક છે'	★
• સુરેન્દ્રનગર	:	૧૫-૦૪-૧૨	મૂવી : 'હાઉસફૂલ-૨'	✉
		૨૬-૦૪-૧૨	નાટક : 'મુઠ્ઠી ભરીને જિંદગી'	▲
• તાડદેવ	:	૦૭-૦૪-૧૨	નાટક : '...અને પાનખર વીતી ગઈ'	✉
		૨૯-૦૪-૧૨	પ્રહસન : 'આડોશી v/s પાડોશી'	✉
• વાપી	:	૨૮-૦૪-૧૨	ગીત-સંગીત : 'Raga to Rocks'	✉
• વિલે પાર્લે	:	૧૧-૦૪-૧૨	મૂવી : 'હાઉસફૂલ-૨'	✉
		૧૪-૦૪-૧૨	'મહિલાપ્રતિભા દર્શન'	▲
		૩૦-૦૪-૧૨	ઑર્કેસ્ટ્રા : 'Mitmanthan'	▲

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

જેજેસીની આજકાલ

જેજેસી - બોટાદ

આ આજકાલની વાત નથી, વરસોથી ચાલી આવે છે. વિદ્યાર્થી ભણતો ભણતો S.S.C.માં આવે એટલે Mile Stone આવી ગયું. ત્યાં ત્રિભેટો. ત્યાંથી ત્રણ રસ્તા અલગ પડેઃ આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ. બાળકોના ભવિષ્યનો ફેંસલો આ વર્ષે થાય. તેમાંથી સાંગોપાંગ નીકળવા પ્રબળ પુરુષાર્થની જરૂર તો પડે, નિષ્ઠાની પણ જરૂર પડે, એ ઉપરાંત નશીબનો સધિયારો જોઈએ અને નશીબને ચમકતું કરવા જરૂર પડે મા-બાપ-વડીલોના આશીર્વાદ અને આજુબાજુના મિત્રો-સ્નેહીઓની હૃદયપૂર્વકની શુભેચ્છા!

જેજેસી-બોટાદ આવી શુભેચ્છાનો ગુચ્છો લઈને બોટાદના બધા જ વિદ્યાર્થીઓ જેઓ S.S.C.ની પરીક્ષા આપવા સજ્જ થયા છે. તેમને નાતજાતથી પર રહીને શુભેચ્છા આપવા પહોંચી જાય છે. દરેક વર્ષે આ સમાચાર 'જાગૃતિ સંદેશ'માં આવે છે અને તે વાંચીને હવે અન્ય સેન્ટર્સ પણ અનુકરણ કરે છે. તા. ૬-૩-૨૦૧૩ના રોજ જેજેસી-બોટાદના કારોબારી સભ્યો પ્રમુખ શ્રી સંજય દોશીની આગેવાનીમાં બધી શાળાના પરીક્ષાર્થીઓને ''BEST OF LUCK''ના શુભેચ્છા કાર્ડ આપી ''મોં મીઠું'' કરાવી આવ્યા.

જેજેસી - સૂર્યપૂર-સુરત

(ઘણા સમય બાદ 'જાગૃતિ સંદેશ'માં આગમન થયું. ભલે પધાર્યા! આવા કાર્યક્રમ કરતા રહો અને 'જાગૃતિ સંદેશ'માં ચમકતા રહો તેવી અભ્યર્થના)

શ્રદ્ધા v/s અંધશ્રદ્ધા

સંસારમાં મનુષ્યજીવનનું ચાલકબળ શ્રદ્ધા છે. શ્રદ્ધા વિના આયુષ્ય ટકી શકતું નથી. સંસારમાં મનુષ્યે આજ દીન સુધી જે પ્રગતિ કરી છે તેના મૂળમાં પણ શ્રદ્ધા જ રહેલી છે. આપણા શાસ્ત્રગ્રંથોમાં મનુષ્યજીવનને સફળ અને સાર્થક કરવા માટે શ્રદ્ધાપૂર્વક કાર્ય કરવાની સલાહ આપવામાં આવી છે. શ્રદ્ધાના મૂળમાં સત્ય રહેલું છે. શ્રદ્ધા રાખવી એટલે સત્યને ધારણ કરવું. મનુષ્યએ શરૂ કરેલા કોઈ પણ કાર્યમાં તેનો પુરુષાર્થ અને બુદ્ધિમાં જ્યારે શ્રદ્ધા ભળે ત્યારે તે કાર્ય અતિઝડપે સફળતાને વરે છે. બુદ્ધિ જ્યારે અટકી જાય છે ત્યારે શ્રદ્ધાથી આગળ વધી શકાય છે, પણ શ્રદ્ધાને નાશ કરનાર બે બાબતો છે. એક છે તર્ક-વિતર્ક અને બીજું શ્રદ્ધાની કપટી બેન - અંધશ્રદ્ધા!

અંધશ્રદ્ધા વિઘ્નસંતોષી છે. જે શ્રદ્ધાનાં જ કપડાં અને ઘરેણાં પહેરી આવે છે અને મનુષ્યને ખીણમાં ઉતારી મૂકે છે. દરેક મનુષ્યના જીવનમાં ચઢાવ-ઉતાર આવે છે, તડકો-છાંયો આવે છે. મનુષ્ય દુઃખથી-ઉતારથી-તડકાથી ઘેરાઈ જાય છે. કાંઈ રસ્તો મળતો નથી હોતો ત્યારે અનેક શયતાની માણસો તેનો કબજો લઈ લે છે. તેનો ગેરલાભ લે છે. વાક્ચાતુર્ય અને હાથચાલાકીથી ચમત્કારો કરી તે દુઃખી મનુષ્યને ઊંડી ગર્તમાં લઈ જાય છે અને આવા દુઃખી આત્મા તેનામાં શ્રદ્ધા રાખી તે કહે તે પ્રમાણે કરવા તત્પર થઈ જાય છે. આ ધુતારા માણસોમાં સામાન્યતઃ કહેવાતા સાધુ અને તાંત્રિકો હોય છે.

સંજોગોથી ત્રસ્ત માણસો આવા ધુતારાની લપેટમાં આવી જાય છે અને શ્રદ્ધાનું મહોરું પહેરીને આવેલી અંધશ્રદ્ધાના શરણે જતા રહે છે. ધુતારાઓ તેનો ગેરલાભ લઈ લે છે.

આવા ઢોંગી-ધુતારા બાવા-સાધુઓના ચમત્કારોનો પર્દાફાસ કરવા અને જેજેસી સભ્યોને ચેતવીને જાગૃત કરવા જેજેસી-સૂર્યપુર-સુરતના પ્રમુખ શ્રી એસ. કે. શેઠે બીડું ઝડપ્યું અને એક ''સત્યશોધક સભા''નું આયોજન કર્યું. ઢોંગી બાવાઓ હથેળીમાંથી કંકુ કાઢે છે, નાળિયેર પર પાણીનો મારો ચલાવી તેમાંથી અગ્ની પેટાવે છે, આવા કેટલાય ચમત્કારો બતાવી આપણને છેતરે છે તે હાથચલાકી સિવાય કશું નથી તે સાબિત કરતો કાર્યક્રમ ખૂબ જ સફળતાને વર્યો. કાર્યક્રમનું સંચાલન ઉપપ્રમુખ શ્રી પંકજ શાહે કર્યું. ધન્યવાદ સૂર્યપૂર-સુરતની ટીમને!

જેજેસી - તળાજા

વાત છે ગત શિયાળાની. ચોતરફ લીલીછમ વનરાજિથી વીંટળાયેલા તળાજામાં ઠંડી વધારે લાગે ત્યારે કડકડતી ઠંડીમાં ઝૂંપડામાં વસતા ગરીબ પરિવારોની હાલત કફોડી થાય. સેન્ટરના બધા સભ્યો મળીને આવા પરિવારોને મદદરૂપ થઈ હૂંફ આપવા ગરમ કપડાં, ધાબળા, કાનટોપી વગેરે લઈને પહોંચી ગયા અને વિતરણ કરી માનવસેવાનું ઉત્તમ કાર્ય કર્યાનો સંતોષ અનુભવ્યો.

રિપોર્ટ : બિપીન ફાફડિયા

જેજેસી - થરા (કાંકરેજ)

બીજું માનવસેવાનું કાર્ય જેજેસી-થરા દ્વારા પ્રમુખશ્રી વિનોદ એલ. શાહના સહયોગમાં તા. ૧૮-૩-૨૦૧૨થી દર રવિવારે ગરીબોને તૈયાર ખીચડી પીરસવાનું માનવસેવાનું શરૂ કરેલ છે.

જેજેસી - ઉપલેટા

રવિવાર, તા. ૨૬-૨-૨૦૧૨ના રોજ પ.પૂ. જગતશેખર વિજયજી મ.સા.ના આગમન પ્રસંગે ઉપાશ્રયમાં થયેલ વ્યાખ્યાન બાદ નવકારશીનો લાભ જેજેસી-ઉપલેટાએ લીધેલ. જૈન-જૈનેતર બહોળી સંખ્યામાં હાજર હતા. બપોરના અલ્પાહારનો લાભ પણ જેજેસીએ લીધેલ. તે જ રીતે અન્ય ધાર્મિક કાર્યક્રમમાં સમૂહ નવકાર જાપ તથા પાંસઠિયા યંત્ર જાપનું આયોજન કરેલ. સ્થા. જૈન ઉપાશ્રયમાં આ જાપનું આયોજન કરવામાં આવેલ. અલ્પાહારનું સૌજન્ય જેજેસી-ઉપલેટાએ લઈને ધાર્મિક કાર્યક્રમને અનુમોદના આપી.

જેજેસી - મહેસાણા

જેજેસી-સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ સર્વશ્રી જિતેન્દ્ર કોઠારી, સંજય શાહ, પ્રફુલ્લ કામદાર તથા અનિલ દોશી મહુડી દર્શન કરી રાજકોટ નવા સેન્ટરના ઉદ્‌ઘાટન માટે વાયા કચ્છ જવા નીકળ્યા ત્યારે On the way મહેસાણા ખાતે અગાઉથી નક્કી કર્યા પ્રમાણે એક 'છોટા સા બ્રેક' લીધો અને એ દરમિયાન ૨૦૧૨-'૧૩ની નવી કારોબારી ટીમને ચાર્ટર હસ્તાંતર તથા સોગંદવિધિ કરાવી ઉત્સાહિત કર્યા અને રાજકોટની વાટ પકડી.

જેજેસી - જૂનાગઢ

પાનખર વીતી ગઈ ને વસંતઋતુનું આગમન થઈ ગયું. વસંતપંચમીએ પ્રકૃતિનું વરવું સ્વરૂપ જોવા મળે. આપણે જેમ ઉત્સવ ઊજવીએ છીએ તેમ પ્રકૃતિ પણ ઉત્સવ ઊજવે છે. આપણે પણ પ્રકૃતિની સાથે વસંતનો ઉત્સવ ઉલ્લાસ અને ઉમંગથી ઊજવવો જોઈએ. વસંત એ સૃષ્ટિનું યૌવન છે એટલે તરુવરોનો શણગાર, વૃક્ષોનું નવપલ્લવિત થવું, ખીલેલી આમ્રકુંજોની માદક સુવાસથી વાતાવરણનું મહેકી ઊઠવું, પ્રસન્નતાથી છલકાઈ જવું એ વસંતઋતુની ખાસિયત છે. કોયલનું મધુર કુંજન મનને આનંદવિભોર કરે છે. કોયલ કદી ઘરમાં દાખલ થતી નથી, પરંતુ તેનો ટહુકો ઘરમાં જ નહીં, હૃદયમાં દાખલ થઈ જાય છે. પંખીઓનો કલરવ શરૂ થાય ત્યારે ખીસકોલી એમાં પોતાનો સૂર પુરાવે છે, પણ જે કુદરત વચ્ચે ગામડામાં ઊછર્યા છે તેમને ખબર હશે કે વસંતના આગમન સાથે થોડાક જ દિવસોમાં સુગરીરાણી તેના નવા શણગારેલા ફ્લૅટમાં રહેવા જાય છે. નહીં વાસ્તુ કે નહીં જમણવાર! ફ્લૅટ પણ ઑનરશિપનો નહીં. લીવ ઍન્ડ લાઈસન્સ કરાર હેઠળ મળેલા પ્લૉટ.

પ્લૉટ (ઝાડની ડાળી ઉપર) સુગરીએ પોતે (કન્સ્ટ્રક્ટ) સીવેલો ગૂંથેલો હોય. સુગરીને ખબર છે કે ફક્ત ૧૧ મહિના માટે જ પ્લૉટ મળેલો છે. આગામી વસંત પહેલાંના એક મહિના પહેલાં પ્લૉટ (ડાળી) ખાલી કરવાની છે, છતાંય સુગરી કર્મ કરી ભક્તિ કરે છે. કર્મ અને ભક્તિનો સુમેળ થાય છે ત્યારે પ્રસન્નતાને વાચા ફૂટે છે અને ત્યારે એ સંગીતને સાંભળવા, અવનવા રંગોનાં દૃષ્યો માણવા જેજેસી-જૂનાગઢના પ્રકૃતિપ્રેમી સભ્યો તા. ૫-૩-૨૦૧૨ ને રવિવારે શિવ નિકેતન રૂપાયતન ખાતે ભાવવિભોર થઈ, પ્રકૃતિના ખોળે વસંતને વધાવવા એકત્રિત થયા. *રિપોર્ટ : શ્રી દિલીપ પિપલિયા*

(સુગરીનો માળો તમે જોયો છે? હજારો તણખલાઓને ભેગા કરી તેને ગૂંથીને મજબૂત સલામત બનાવાય છે. સુશોભિત હોય છે એ માળો! તેમ છતાંય ૧૧ મહિને એ છોડી દે છે. કદાચ કાયદાના તજજ્ઞોએ એના પરથી પ્રેરણા લઈ 'લીવ ઍન્ડ લાઈસન્સ'ની અવધિ ૧૧ મહિનાની કરી હશે!!)

જેજેસી - કાંદિવલી : જેજેસી - દહિસર

જૈન સોશિયલ ગ્રુપ (મલાડ-ગોરેગામ)ના સહયોગમાં

સામાન્યતઃ આપણાં બધાં જ ઉત્સવપર્વો આનંદનું ઉત્પાદન કરતી ફૅક્ટરી સમાન હોય છે, જેમાં આનંદ-હર્ષ વહેંચાય છે, વરસાય છે, અનુભવાય છે, પણ આનંદ લૂંટાય તેવો એક જ ઉત્સવ છે – 'આનંદમેળો!'

આ સેન્ટરોએ સાથે મળીને સંયુક્ત કાર્યક્રમનું આયોજન તા. ૨૨-૪-૨૦૧૨ ને રવિવારે S.V.P. સ્કૂલ ગ્રાઉન્ડમાં કર્યું. આવા કાર્યક્રમ દ્વારા સભ્ય ભાઈ-બહેનો એકબીજાંની નજીક આવી શકે, વિચારોની આપ-લે કરી શકે, આનંદ-મંગલ સાથે જે ભાઈ-બહેનો ધંધામાં અગ્રેસર હોય કે માહેર હોય તેમની કુનેહનો લાભ અન્ય સભ્યોને મળી શકે. આવા મેળામાં ધંધાકીય સ્ટૉલો તથા રમતગમતના સ્ટૉલો ઉપરાંત ખાણીપીણીના સ્ટૉલ મોટી સંખ્યામાં હોય છે. ઘણી બહેનો રસોઈકળામાં તરલા દલાલથી આગળ હોય કે કેટલાક ભાઈઓ સંજીવ કપૂરને આંટી મારે તેવા કુશળ હોય છે, પણ તેમને ઘરમાં મોકો મળતો હોતો નથી. આવા Expert સભ્યો આ મોકાનો લાભ લે છે. ઑફિસમાં ભલે Executive હોય કે બહેનોના ઘરે રસોઈયો-મહારાજ હોય, પણ આવું કાર્ય કરીને નામના મેળવવાની છૂપી આકાંક્ષા હોય છે. તેમને તેમની સિદ્ધિ દેખાડવાનો મોકો આવા આનંદમેળા કરી આપે છે અને તેમના અધૂરા ઓરતા પૂરા થાય છે. એવું પણ જોવા મળે કે Excutive લાગતા ભાઈ

Appron અને Cap પહેરી ભજિયાં તળતાં હોય અને બેનબા કાઉન્ટર પર તેને Encash કરતાં હોય અને બધી આઈટમોના ટેસ્ટ એવા હોય કે જો ભૂલથી તરલાબહેન કે સંજીવભાઈ આવી જાય તો બે ઘડી ભોંઠાં પડી જાય! બસ આવો જ આનંદ લૂંટવાનો આ મોકો એટલે જેજેસી આયોજિત આનંદમેળો!!

સંજયભાઈ તથા ચંદ્રકાંત ભાઈએ શેનો સ્ટૉલ રાખેલ? અભિનંદન — જાગૃતિ સંદેશના.

જેજેસી - દાદર

જેજેસી-અંકલેશ્વર આયોજિત "Dance JJC Dance" નામની Dance Competetionમાં ભાગ લેવા દાદર સેન્ટરના પ્રતીક રમેશ તથા પૃથ્વી હેમંત સામેલ થયાં હતાં. તેમાંથી તેઓ બન્ને એક Duet ડાન્સમાં પહેલા નંબરે વિજયી થયાં તથા પ્રતીક Solo ડાન્સમાં પ્રથમ નંબરે આવી વિજયી થયાં હતાં અને જેજેસી-દાદર સેન્ટરનું ગૌરવ વધાર્યું હતું.

જેજેસી - જામનગર (મેન)

એકબીજા સાધર્મિક કાર્યક્રમ અંતર્ગત ગુરુવાર, તા. ૧-૩-૨૦૧૨ના રોજ સેન્ટર દ્વારા દાતાઓના સહકારથી ૪૦ જેટલાં જૈન જરૂરતમંદ કુટુંબોને રૂ. ૩૦૦ના અનાજની કિટનું વિતરણ કર્યું. સાથે સાથે સેન્ટરના ૧૪મા વર્ષના પ્રવેશ ટાણે સામૂહિક સામાયિક તથા જાપનું આયોજન કરવામાં આવ્યું.

''બચપન કે દીન ભુલા ન દેના.....''

માનવજીવનના ચાર તબક્કા બાળપણ, કિશોરાવસ્થા, પ્રોઢાવસ્થા તથા વૃદ્ધાવસ્થામાં બચપનનું મહત્ત્વ અનેરું છે. આ એક સોનેરી તબક્કો છે. બચપનના એકેક દિવસની છાપ જીવનનાં પૃષ્ઠ પર કંડારાઈ જાય છે જે ક્યારેય ભૂંસાતી નથી. ઘણાંબધાં મધુર સંસ્મરણો 'એવાં હોય છે કે તેને જીવનભર વાગોળતાં રહીએ છીએ અને તે ભુલાતાં નથી. રાજા હોય કે રંક, સાધુ હોય કે સંસારી, દરેકને તેનું ખોવાયેલું બચપન ડગલે ને પગલે યાદ આવે છે. શ્રીકૃષ્ણ અને સુદામાનો પેલો કાવ્યમય સંવાદ યાદ છે?... તને સાંભરે રે... મને કેમ વીસરે રે... શ્રીકૃષ્ણ રાજા બની ગયા અને સુદામા સામાન્ય માણસ, પણ બન્નેને સાથે ગુજારેલા બચપનના દિવસો યાદ કરીને કેટલો આનંદ આવે છે. ધીરુભાઈ મોટા ગજાના ઉદ્યોગપતિ બની ગયા પછી પણ જ્યારે તેમના ગામડે જતા ત્યારે તેમની સાથે બચપનમાં ભણેલા ગોઠિયાઓને અમૂક મળતા. તેમના મિત્રો એમને બહુ જ આદર આપી માનથી બોલાવતા ત્યારે એક વખત ગુસ્સે થઈને બોલ્યા, હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં બધા મને સર કે ધીરુભાઈ શેઠ કહીને બોલાવે છે, અહીં હું તમારી પાસે આપણું બચપનનું ઉદ્‌બોધન ''ધીરિયા'' સાંભળવા આવ્યો છું અને પછી ઝાડના છાંયડે ખાટલામાં બેસી જૂના દિવસો વાગોળતા ત્યારે જ સંતોષ થતો. આવું છે બચપન! મોટા થયા પછી કોઈક આપણને 'સતિયો' કે 'ભીખલો' કહીને સાયગલના ગીત સંભળાવે ત્યારે જ હરખ થાય છે!

ચાલો આપણે એક બચપણને યાદ કરાવતી કવિતા વાગોળીએ....

બડી ખૂબસૂરત થી વહ જિંદગાની...

'સાત તાળી લીધી ને પછી ઊંચે જોયું ને ફરી જોયું તો બાળપણું ગુમ.
આખ્યાયે ઘરના હું ખૂણાઓ જોઈ વળી ફેંદી કાઢયા બધા રૂમ.
ટીંગલીની આંખો મેં સાત વાર ખોલી ને પાંચીકા ખખડાવી લીધા
જે જે જગ્યાએ હું સંતાતી ત્યાંય મેં સાદ જોને કેટલાયે દીધા!
ચૌદે ભાષામાં એને બોલાવી જોયું વ્હેર આર યુ? કહાં ગયે તુમ?
આંધળિયો પાટો તો રમશે કદાચ ને આવશે કે કરી દઈશ થપ્પો
રોકી પાડીશ એને ચીતરવા ઘર અને હોડી ને દડો ગોળગપ્પો
હોળીમાં ફુગ્ગા ને દિવાળી આવતાં શું ફોડીશ? લવિંગિયા કે લૂમ?
સોનાની ચરકલડી ઊડી ગઈ દૂર ને ભમ્મરડો ભમવાનું ભૂલ્યો
રાક્ષસ અને રાજકુંવર બન્ને ગયાં'તાં એ દરવાજો આજે ના ખૂલ્યો
કોઈ વીંટી ઘસો કે મારે એકવાર સાંભળવું પરીઓનું રૂમઝૂમ રૂમઝૂમ.'

- મનોજ્ઞા

બધા જ બચપન શોધતા હોય છે, પણ જેજેસી જામનગરના પ્રમુખ શ્રી શૈલેશ શેઠે તેને સાકાર કર્યું. તા. ૨૬-૨-૨૦૧૨ ને રવિવારે પૂરા જેજેસી પરિવારને લઈને ઊપડયા ફૂલગુલાબી ઠંડીની મોસમમાં પ્રાકૃતિક સ્થળ 'આશીર્વાદ ફાર્મ' ખાતે. પિકનિકને લગતી બધી મજા (નાસ્તો-ભોજન) સાથે નાના-મોટા સૌએ બચપનને યાદ કરાવતી રમતો રમ્યા. ગોટી, ભમરડા, લીંબુ-ચમચી, સંતાકૂકડી, થપ્પો, દડાફેંક, લક્કડ લોટું અ હા હા, શું મજા આવી!

રિપોર્ટ : શ્રી શૈલેશ શેઠ

જેજેસી - અમૃતનગર

મંગળવાર, તા. ૨૪-૪-૨૦૧૨ના કાર્યક્રમ દરમિયાન આયંબિલ ઓળી પૂર્ણ કરનાર સેન્ટરના ૪૦ જેટલા સભ્યોનું તપસ્વી સન્માન કરવામાં આવ્યું.

આજના સમયમાં વિવિધ ઓળખપત્રોની ડગલે ને પગલે જરૂર પડે છે. 'આધાર', ઈલેક્શન કાર્ડ, પૅન કાર્ડ વગેરે. તે જ રીતે સરકાર અને સરકારી એજન્સીઓ નાગરિક ૬૦ વર્ષના થાય તેને વિશેષ હક અને સગવડતા આપી રહી છે. સિનિયર સિટિઝનને માનવાચક પદવી-માન્યતા આપી તેમને બસ, રેલવેમાં વગેરેમાં સ્પેશિયલ હક આપવામાં આવ્યા છે. એ માટે દરેક સિનિયર સિટિઝન્સે Senior Citizen I Card સાથે રાખવું જરૂરી છે. હવે એ કાર્ડ લેવા વળી પાછી ઝંઝટ. કેટલી જગ્યાએ ધક્કા ખાવાના! જેજેસી-અમૃતનગરની કમિટીએ તેના સિનિયર સિટિઝન સભ્યોની આ હાલાકી દૂર કરવા પ્રયત્ન કર્યા અને તેના ફળસ્વરૂપે Single Window પદ્ધતિ મુજબ બધા પાસેથી જરૂરી Proof/Document લઈ ૨૧ દિવસના ગાળામાં કામ પતાવી તા. ૨૪-૪-૨૦૧૨ના કાર્યક્રમમાં સ્થાનિક રાજદ્વારીઓ હસ્તક સભ્યોને Senior Citizen Cards સાદર કર્યા ત્યારે એ વયસ્કોના મુખ પર આનંદ આવી ગયો અને આશીર્વાદના SMS મોકલ્યા.

જેજેસી - અંકલેશ્વર

ગુજરાતી અને એમાંય જૈન! વાણિજ્ય અને પૈસાની રમત સિવાય કાંઈ જ આવડે નહીં. નાનું બાળક હોય ત્યારથી જ નામું (Account) અને પૈસાની લેવડદેવડ-વ્યવહાર આવડી જાય. દરેક વાત તે નફા-નુકસાનની દૃષ્ટિથી જુએ એવું મેણું હવે ભાંગી રહ્યું છે. આર્ટ-કલ્ચરમાં પગરણ માંડી ચૂક્યા છે. હાલમાં જેજેસી-અંકલેશ્વર દ્વારા જેજેસી-સેન્ટ્રલ બોર્ડ પ્રેરિત એક ડાન્સ કૉમ્પિટિશન 'Dance JJC Dance'નો ભવ્ય કાર્યક્રમ તા. ૨૯-૪-૨૦૧૨ ને રવિવારના રોજ અંકલેશ્વર મુકામે રાખવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં ભાગ લેવા અમુક શરતોને આધીન પૂરા જેજેસી પરિવારને આમંત્રણ આપવામાં આવ્યું. કુલ ૧૪ સેન્ટર અને ૪૨ સભ્ય કલાકારોએ ભાગ લીધો. આ ઉપરાંત થોડા પ્રોફેશનલ કલાકારોએ સેવા આપી ભાગ લઈને કમાલ બતાવી.

સેન્ટ્રલ બોર્ડથી સર્વશ્રી રમેશ મોરબિયા, દિનેશ નાણાવટી, કિશોર શેઠ, દ્વિજેષ શાહ તથા રાજેશ ભણશાલીએ હાજરી આપી અંકલેશ્વરની કમિટીને આવા મેગા કાર્યક્રમ સફળતાપૂર્વક કરવા માટે પ્રોત્સાહન આપવા તથા બિરદાવવા આવેલા. પૂરા દિવસનો કાર્યક્રમ હતો. તેથી આગળના દિવસથી જ વિવિધ ટીમો આવી ગયેલ. દરેકને ઉતારાની સંતોષકારક સુવિધા આપવામાં આવેલ. બીજાં સેન્ટરોના હોદ્દેદારોમાં શ્રીમતી કાશ્મીરા હરડે, દીપક ગાંધી, જિજ્ઞેશભાઈ, ધર્મિષ્ઠાબહેન, જતીન છેડા વગેરે તેમની ટીમને લઈને આવેલાં.

જેજેસી-અંકલેશ્વર આયોજિત Mega Dance Competetionમાં સેન્ટરના સભ્ય ડૉ. પીયૂષ મોદીની સુપુત્રી કુમારી શૈફાલી મોદીએ (B Categori ૧૨થી ૨૦ વર્ષ) Final Roundમાં Solo Dance કરી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ તે બદલ સેન્ટર ગૌરવ અનુભવે છે.

ડાન્સ જોઈને લાગે કે બાળકોએ બહુ સારી મહેનત કરી છે અને શાસ્ત્રીય રીતે ટ્રેનિંગ લીધેલી છે. નૃત્યમાં લય, સૂર અને શબ્દનો સુમેળ જરૂરી છે. બધાં જ બાળકોએ ત્રિવેણીસંગમને સાકાર કર્યો.

શ્રી રમેશ મોરબિયાએ જણાવ્યું કે આગામી વર્ષોમાં વધારે ને વધારે સેન્ટરો ભાગ લે તેવા પ્રયત્નો સેન્ટ્રલ બોર્ડ જરૂરથી કરશે. *(તસવીર જુઓ પાન નં. ૨૨)*

રિપોર્ટ : વિનોદ ધોકા

જેજેસી - મુલુંડ

'Full Body Check-up' (Subsidised)નો એક પ્રોજેક્ટ સેન્ટરના સભ્યો માટે એપ્રિલનાં પ્રથમ ત્રણ અઠવાડિયાં માટે મુલુંડની ખ્યાતનામ હૉસ્પિટલ 'Fortees' ખાતે રાખેલ. બે અલગ અલગ પૅકેજનું આયોજન કરેલ.

જેજેસી - મોરબી

સેન્ટરે સામાજિક કાર્યક્રમ અન્વયે તા. ૩૧-૩-૨૦૧૨ ને શનિવારના રોજ નિઃશુલ્ક છાશ વિતરણ કૅમ્પનું આયોજન કર્યું. લગભગ ૫૦૦૦ નગરજનોએ આનો લાભ લઈ આંતરડી ઠારી હતી.

જેજેસી - વાશી : જેજેસી - નવી મુંબઈ

શ્રી તરુણ મિત્ર મંડળના સહયોગમાં ૭૫મી રક્તદાન શિબિરનું આયોજન કર્યું તા. ૨૨-૪-૨૦૧૨ ને રવિવારના રોજ. રક્તદાન કરવા-કરાવવા તથા અનુમોદવા એ પરમકર્તવ્ય બન્ને સેન્ટરની કમિટીએ નિભાવ્યું.

જેજેસી - રાજકોટ (મેન)

જેજેસી-રાજકોટ દ્વારા પાલિતાણા ખાતે દર વર્ષની જેમ જ છ ગાઉની પવિત્ર યાત્રાનું આયોજન કર્યું જેમાં અનેક સભ્યો જોડાયા અને ધર્મલાભ મેળવ્યો.

મેડિકલ કૅમ્પ

જેજેસી - બોટાદ

તા. ૧૧-૩-૨૦૧૨ ને રવિવારના રોજ સેન્ટરના ઉપક્રમે ડૉ. પલક મહેતા (અમદાવાદ)ના સહયોગમાં શ્રી ગૌરાંગ શાહ (અમદાવાદ)ની પ્રેરણાથી હાડકાંનાં દર્દો વિષયક એક મેડિકલ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું. લગભગ ૩૨૫ દર્દીઓએ લાભ લીધો. કુલ રજિસ્ટ્રેશન ૪૦૦નું થયું, પણ સમયના અભાવે બાકીના દર્દીઓને કેસપેપર લઈ અમદાવાદ બોલાવ્યા, જેનું કન્સલ્ટેશન/નિદાન નિઃશુલ્ક કરવામાં આવ્યું. ઉપરાંત જો જરૂર પડે તો MRIમાં રૂ. ૧૦૦૦/-નું કન્સેશન પણ આપવામાં આવ્યું.

ડૉ. પલક મહેતાએ હાડકાંના રોગ, તેનું નિવારણ તથા તે ન થાય તેના માટે સાવચેતી (Precautions) વિશે વિગતવાર સમજાવ્યું. મોટી ઉંમરે થતો કમરનો દુખાવો, કરોડરજ્જુના મણકાની ગાદી ઘસાઈ જતા થતા રોગો Lumber Spondilisis, ગાદીમાં થતો ચેપ, ટી.બી., ફ્રેક્ચર, લિગામેન્ટમાં થતી ઈજા વગેરે વિશે વિસ્તૃતમાં સમજ આપી જે બહુ જ ઉપયોગી સાબિત થઈ શકે.

અમલમાં મૂકવા જેવાં સૂચનો : (Prevention is better than cure) સામાન્ય રીતે ૩૫થી ૪૦ વર્ષની ઉંમરના, ખાસ કરીને મહિલાઓને ગાદીના ઘસારાની તકલીફ વધારે થાય છે. અત્યારના Fast Foodના યુગમાં કોઈકોઈ વાર ૨૫ વર્ષની ઉંમરે પણ થઈ શકે છે. તે માટે સમતોલ આહાર-વિટામિન, પ્રોટીન, કૅલ્શિયમ, ફોસ્ફરસયુક્ત આહારનું Time Table બનાવવું જરૂરી છે. આઠમ કે અમાસ-પાખીના દિવસે લીલોતરી પર પાબંદી મૂકી કઠોળ ખાઈ પ્રોટીન પૂરું પાડવા પાછળનું આ જ લૉજિક છે.

૧) સીધા બેસવાની ટેવ પાડવી જેથી કરોડસ્તંભ સીધો રહે અને મણકાની ગાદી પર એકસરખું દબાણ આવે જેથી ગાદીનો ઘસારો અટકાવી શકાય. વાંકા બેસવાથી ગાદીના આગળના ભાગ પર પ્રેસર આવે અને જતે દહાડે ઘસાઈને દુખાવો ઊભો કરે.
૨) નિયમિત કસરતથી સ્નાયુઓ મજબૂત બને છે. કરોડરજ્જુને ટેકો આપવા સ્નાયુઓનું મજબૂત હોવું જરૂરી છે.
૩) લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવું ન જોઈએ. હલનચલન આવશ્યક છે.
૪) શરીરમાં ફ્લોરાઈડની જરૂરત છે જ, પણ તેની માત્રા વધી જાય તો હાડકાં બરડ થઈ જાય છે જે જોખમી છે. ઊંડા બોરના પાણીમાં ફ્લોરાઈડની માત્રા વધુ હોય છે. જેથી એ બાબત સાવચેતી રાખવી જોઈએ.

આ ઉપરાંત ગોઠણની તકલીફથી ૫૫ વર્ષની ઉપરના લોકો પીડાય છે.

ટીપ્સ :

૧) સાંધાના દર્દીઓએ ખોરાકમાં પરેજી રાખવી જોઈએ. ફળ, દૂધ, દહીંનો ઉપયોગ છૂટથી કરવો જોઈએ.
૨) સાંધાને આરામ આપવો જોઈએ. ફક્ત દવા જ કામ કરતી નથી.
૩) વજન ઘટાડવું જોઈએ.
૪) પલાંઠી વાળી કે ઊભા પગે બેસવાનું Avoid કરવું જોઈએ.
૫) હાથમાં વજન લઈને ચાલવું ન જોઈએ.
૬) ખરાબ-ખાડા-ખૂબડવાળા રસ્તા પરથી ચાલવું ન જોઈએ અથવા સંભાળપૂર્વક ચાલવું.
૭) વારંવાર પગથિયાં ચડઊતર કરી ગાદીના ઘસારાને દૂર રાખવો સલાહભર્યું છે.
૮) સાંધાના દર્દીઓ માટે English Toiletનો ઉપયોગ હિતાવહ છે.
૯) ઘી-તેલનો વધારે ઉપયોગ બંધ કરવો જોઈએ.

પણ આ બધું ઘોડો નાસી ગયા બાદ તબેલાને તાળું મારવા જેવી વાત છે. હકીકતમાં બાળકોને નાનપણથી સારી Habbit પાડવી જરૂરી છે. જેથી મોટી ઉંમરે 'ઓ...ય...મા' કરીને તમને યાદ ન કરે!

જો વાચકોને રસ પડે તો આ વિશે હજી ઘણી માહિતી આપવામાં આવશે.

જેજેસી - અંકલેશ્વર

ત્રિદિવસીય મેડિકલ કૅમ્પ

સેન્ટર દ્વારા આયોજિત ત્રિદિવસીય મેડિકલ કૅમ્પ અન્વયે ૫૦ જેટલા મધ્યમવર્ગીય જૈન પરિવારોના રૂપિયા ૧ લાખના એક વર્ષના મેડિક્લેમ ઈન્સ્યુરન્સ લેવામાં આવ્યા. આ પ્રોજેક્ટમાં અમદાવાદની Ultimate Foundationનો સહયોગ સાપંડયો.

મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી છેલ્લાં ૧૯ વર્ષથી જૈન મહાસંઘના નેજા હેઠળ થાય છે. આ વર્ષે જેજેસી દ્વારા શોભાયાત્રામાં કોલ્ડ્રિંકનો સ્ટૉલ લગાવવામાં આવેલ. ઉપરાંત 'રસોડા'ની જવાબદારી પણ જેજેસી વતી શ્રી અતુલ શાહે લીધેલ.

આ દિવસે ગૌશાળાના લાભાર્થે જિતુભાઈ દ્વારાકાવાળાના હાસ્ય દરબારનો કાર્યક્રમ રાખવામાં આવ્યો, જેમાં ૨૭ જૈન સંસ્થાએ ભાગ લઈ રૂા. પાંચ લાખ એકત્ર કરી શ્રી મણિભદ્ર વીર જૈન પાંજરાપોળ તથા ગૌશાળાને સાદર કરવામાં આવ્યા.

શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ Blood Donation Campનું આયોજન કરવામાં આવ્યું જે દ્વારા ૧૦૦ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું.

જેજેસી - અમૃતનગર

BLOOD DONATION CAMP

તા. ૧-૪-૨૦૧૨ ને રવિવારે શ્રી ઘાટકોપર વાગડ વીસા ઓસવાળ સમાજના સહયોગમાં જેજેસી-અમૃતનગરે રક્તદાન શિબિરનું આયોજન કર્યું. ભારતમાં જે પ્રમાણમાં રક્તની જરૂર પડે છે તેના ફક્ત ૪% રક્ત જ રક્તદાનથી પ્રાપ્ત થાય છે. વારેવારે આયોજિત રક્તદાન શિબિર દ્વારા જેજેસી માનવસેવાનું અમૂલ્ય કાર્ય કરે છે. જેજેસી-અમૃતનગરના આ આયોજનમા ૩૨૭ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું. ખરેખર તો આપણું રક્ત કુદરતે બનાવેલી સંજીવની છે, જે બીજાના ઉપયોગમાં લાવી માનવતાનું શ્રેષ્ઠ કાર્ય કરવા સમાન ગણી શકાય. રક્તદાન કરવું, કરાવવું અને અનુમોદવું એ આપણા દરેક જેજેસિયનની એક ફરજ છે. રક્તદાન થકી કોઈ અજાણ્યા મનુષ્યની કટોકટીભરી ક્ષણમાં આપણે કામમાં આવી તેની જિંદગી બચાવવામાં નિમિત્ત બની જઈએ છીએ.

રક્તદાનની કેટલીક હકીકતો

- ૬૦૦૦ ઘન સે.મી. લોહી હોય છે તેમાંથી ફક્ત ૩૦૦ ઘન સે.મી. રક્ત જ રક્તદાતા પાસેથી લેવામાં આવે છે.
- ૧૮થી ૫૫ વર્ષની સામાન્ય તંદુરસ્તી ધરાવતી વ્યક્તિ રક્તદાન કરી શકે છે.
- વરસમાં ચાર વખત રક્તદાન કરાય તોપણ નુકસાન થતું નથી કે અશક્તિ આવતી નથી.
- રક્તદાન માટે ૧૦ મિનિટનો સમય પૂરતો છે.
- જેટલું રક્ત રક્તદાનમાં આપીએ છીએ તેટલું રક્ત એક દિવસની અંદર બની જાય તેવી કુદરતની વ્યવસ્થા છે.
- થોડી માનવતા, થોડો સમય રક્તદાન માટે પૂરતાં છે.
- વિજ્ઞાનની કોઈ શક્તિ પેદા થઈ નથી જે રક્ત બનાવી શકે. ફક્ત માનવશરીરમાંથી પ્રાપ્ત થાય છે.

સંવેદના

આપનું રક્ત કોઈના લાડકવાયાને, કોઈ નવવધૂના ભરથારને... કોઈ ઘરના મોભને, કોઈ બાળકની વહાલસોયી માતાને કે દેશ માટે સરહદ પર લડતા જવાનને નવજીવન બક્ષી શકે છે. માટે હાકલ પડે ત્યારે હાજર થઈ જાવ. રક્તદાન એ આપણી પવિત્ર સામાજિક ફરજ છે.

તા. ક. આ રીતે જ, ઘાટકોપરના પરમ કેશવ બાગમાં તરૂણ મિત્ર મંડળ તથા પરમ કેશવ બાગ આયોજિત બ્લડ ડોનેશન કૅમ્પમાં પણ સેન્ટર સહભાગી થયેલ અને ૩૬૮ બોટલ રક્ત મેળવેલ.

જેજેસી - પોરબંદર

મેગા મેડિકલ કૅમ્પ

અહિંસા નગરી પોરબંદર મુકામે તા. ૮-૪-૨૦૧૨ ને રવિવારે જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ, શ્રીમતી મધુબહેન સુરેશભાઈ ગાંધી પરિવાર તથા શ્રીમતી સુધાબહેન શૈલેશભાઈ શાહ પરિવારના સહયોગમાં તથા લાયન્સ ક્લબ પોરબંદરના સૌજન્યથી એક મેગા સર્વરોગ નિદાન કૅમ્પ (નિઃશુલ્ક)નું સફળ આયોજન થયું.

આ મેગા કૅમ્પમાં ૩૫૦થી વધુ જરૂરિયાતમંદ વ્યક્તિઓએ લાભ લઈ મેડિકલ ચેકઅપ, કાર્ડિયોગ્રામ, લૅબોરેટરી ટેસ્ટ વગેરેનો લાભ લીધો. ઉપરાંત જરૂરતમંદ દર્દીઓને વિનામૂલ્યે પાંચ દિવસની દવા પણ આપવામાં આવી.

પોરબંદર જિલ્લા કલેક્ટર શ્રી ગિરીશભાઈ શાહે દીપ પ્રાગટ્ય કરી સેવાયજ્ઞનું ઉદ્‌ઘાટન કર્યું. પોરબંદરના ૧૭ ખ્યાતનામ ડૉક્ટરોએ માનદ્ સેવા આપેલ. સેન્ટ્રલ બોર્ડ તરફથી ભૂતપૂર્વ વાઈસ ચૅરમૅન શ્રી પ્રફુલ્લ શાહ ખાસ શુભેચ્છા આપવા પધાર્યા હતા. આ મેગા કૅમ્પ પ્રમુખ શ્રી ચંદ્રકાંત વોરા અને તેમની ટીમ માટે યશકલગી સ્વરૂપ બની રહ્યો. સેન્ટ્રલ બોર્ડ જ્વલંત સફળતા માટે અભિનંદન પાઠવે છે.

જેજેસી-ઘાટકોપર

મેગા મેડિકલ ચેકઅપ કૅમ્પ તથા બ્લડ ડોનેશન કૅમ્પ

જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ તથા જૈન જાગૃતિ સેન્ટર ચૅરિટેબલ ટ્રસ્ટ પ્રેરિત, જૈન જાગૃતિ સેન્ટર-ઘાટકોપર દ્વારા આયોજિત એક મેગા મેડિકલ ચેકઅપ તથા રક્તદાન કૅમ્પ શ્રીમતી હેમલતાબહેન લહેરીભાઈ દેઢિયાના સૌજન્યમાં તા. ૬-૫-૨૦૧૨ ને રવિવારે સફળતાપૂર્વક સંપન્ન થયો. પ્રોજેક્ટમાં મેડિકલ ચેકઅપની કુલ ૨૮ ફેકલ્ટી ઉપલબ્ધ હતી. આ કૅમ્પમાં ક્લિનિકલ ચેકઅપ ઉપરાંત સોનોગ્રાફી, ઍક્સ-રે, કાર્ડિયોગ્રામ જેવાં પરીક્ષણો પણ ફ્રીમાં કરવામાં આવ્યાં હતાં. જરૂરિયાતમંદોને ફ્રી ચશ્માં આપવામાં આવ્યાં તેમ જ મોતિયાનું ઑપરેશન ફ્રીમાં કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી.

આ મેગા મેડિકલ કૅમ્પ તથા રક્તદાન કૅમ્પના આયોજનમાં પ્રમુખ શ્રી જયેન્દ્ર દડિયાને કન્વીનર તરીકે સર્વશ્રી નેહલ કોઠારી, ઉદયન શાહ, પરેશ ગાલા, પંકજ મારૂ, શાંતિ ગાલા, દીપક ઠક્કર, હિતેશ પારેખ તથા સંપૂર્ણ કમિટીએ સખત જહેમત ઉઠાવી સુચારુપૂર્વક પાર પાડવામાં સાથ-સહકાર આપ્યો. ઉપરાંત ૮૫ જેટલા સ્વયંસેવકોએ ખભેખભા મિલાવી સુંદર કાર્ય પાર પાડ્યું. જેજેસી-સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી સર્વશ્રી રમેશ મોરબિયા (ચૅરમૅન), જિતેન્દ્ર કોઠારી (આઈ. પી. ચૅરમૅન), જયંતી છાડવા (સેક્રેટરી), અનિલ દોશી (ડે. સેક્રેટરી) તથા રાજેશ ભણશાલી (ટ્રેઝરર) તથા ચંદ્રવદન શાહ (વા. પ્રેસિડેન્ટ ચૅરિટેબલ ટ્રસ્ટ) ખાસ ઉપસ્થિત રહ્યા. મેડિકલ સેવાઓનું આયોજન ડૉ. હિતેન દડિયા, ડૉ. નિકુંજ શાહ તથા ડૉ. રૂપા દડિયાએ સંભાળ્યું હતું.

આ આયોજનની ધ્યાનાકર્ષક બાબત એ છે કે જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડના આઈ. પી. ચૅરમૅન તથા રેકર્ડસર્જક રક્તદાતા શ્રી જિતેન્દ્ર કોઠારીએ આ અભિયાન દ્વારા ૧૪૮મી વારનું રક્તદાન કરેલ.

શ્રી રમેશ મોરબિયાએ જણાવ્યું કે આ કારમી મોંઘવારીના સમયમાં આવી શિબિરો મધ્યમવર્ગીય માણસોને ખૂબ જ રાહતરૂપ સાબિત થાય છે અને ભવિષ્યમાં પણ જેજેસી આવા માનવકલ્યાણ અભિયાનને જરૂરથી પ્રેરકબળ પૂરું પાડશે.

આમ આ ફ્રી મેડિકલ કૅમ્પ તથા બ્લડ ડોનેશન કૅમ્પ ભવ્ય સફળતાને વર્યો હતો. *(ફોટા જુઓ પેજ નં. ૧૫)*

જેજેસી - માધાપર

જેજેસી પરિવારમાં હવે ઘણા પરમેનન્ટ પ્રોજેક્ટ ચાલુ છે તેમાંનો એક પ્રોજેક્ટ જેજેસી-માધાપર સંચાલિત 'શ્રી સુવિધિનાથ જૈન સાર્વજનિક દવાખાના'નો છે, જે છેલ્લાં આઠ વર્ષથી જાહેર જનતાના લાભાર્થે અને તમામ પ્રકારના દર્દીઓની સેવાર્થે ફક્ત રૂ. ૧૦/- ટોકન ચાર્જમાં દર્દીઓનું નિદાન અને જરૂરી દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે, જેમાં રિટાયર્ડ મેડિકલ ઑફિસર ડૉ. બી. બી. મહેતા ઓનરરી સેવા આપી રહ્યા છે. ઉપરાંત ડૉ. હર્ષ ધલ પણ છેલ્લા એક વર્ષથી સેવા આપી રહ્યા છે. આ દવાખાનાના પ્રણેતા તથા સેન્ટરના સલાહકાર શ્રી શશિકાંત શાહના પ્રયત્નો અને ગુડવિલથી ફ્રેન્ડ્ઝ ગ્રુપ ઑફ લંડનનો આર્થિક સહકાર મળેલ છે.

આ દવાખાનાની માનવસેવા પ્રવૃત્તિને વધુ વ્યાપક બનાવવા વધુ આર્થિક ફંડની જરૂરત છે તેમ શરૂઆતથી આ પ્રોજેક્ટની જવાબદારી સંભાળતા શ્રી કેતન શાહ જણાવે છે. હમણાં આ જ પ્રોજેક્ટમાં કૅશ રાઈટરની જવાબદારી સંભાળી રહેલ શ્રીમતી જયાબહેન માધાપરિયાએ એક અનુકરણીય દાન સંસ્થાને આપી દાખલો બેસાડેલ છે.

શ્રી કેતન શાહે આવા માનવરાહત કાર્ય માટે દાન આપવા ટહેલ આપેલ છે.

જૂનાગઢ

જૈન સમાચાર

શ્રી નેમનાથ ચૅરિટેબલ ટ્રસ્ટ સંચાલિત વણિક અને જૈન કન્યાશાળાની બહેનોને ધોરણ ૮થી પોસ્ટ ગ્રૅજ્યુએશન સુધી આ સંસ્થામાં ફ્રી દાખલ કરવામાં આવે છે.

રહેવા-જમવાની અદ્યતન વ્યવસ્થા સાથે પુસ્તકો, યુનિફૉર્મ, મેડિકલ ખર્ચ, કૉમ્પ્યુટર શિક્ષણ સંસ્થા તરફથી આપવામાં આવે છે.

દાખલ થવા ઇચ્છતી બહેનોએ પોતાના ફૉર્મ સંસ્થામાંથી મેળવી સ્વચ્છ અક્ષરે ભરી નીચેના સરનામે મોકલી આપવા. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે.

-: સંપર્ક :-

શ્રી દશા શ્રીમાળી વણિક અને જૈન કન્યા છાત્રાલય,
પંચેશ્વર રોડ, પ્રદીપ ટોકીઝ સામે, જૂનાગઢ.

ડૉ. જે. સી. જસાણી : પ્રોફ. વી. એસ. દામાણી
પ્રમુખ મંત્રી

યુવામેળો

સાંપ્રત સમયમાં યુવામેળાનું મહત્ત્વ કેમ વધી ગયું છે?

કેમ 'જૈન જાગૃતિ સેન્ટર' જેવી અગ્રગણ્ય સંસ્થાએ આ કાર્ય જોરશોરથી ઉપાડી લીધું છે?

કેમ યુવામેળા સફળતાને વરે છે?

કેમ જૈન શ્રેષ્ઠીઓ આવા પ્રોજેક્ટોને છૂટા હાથે આર્થિક યોગદાન આપે છે?

કેમ આજકાલનાં મહત્ત્વાકાંક્ષી યુવક-યુવતીઓ આવા યુવામેળામાં વિનાસંકોચે ઊલટભેર ભાગ લે છે?

કેમ વડીલો-મા-બાપ પણ તેમને ભાગ લેવા પ્રોત્સાહન આપે છે?

આવા યુવામેળાના પરિપાકરૂપે થયેલાં લગ્નો સફળ થાય છે?

આ બધા પ્રશ્નોનો જવાબ આપ્યો તા. ૬-૫-૨૦૧૨ ને રવિવારે સંપન્ન થયેલો, જૈન ફાઈવ સ્ટાર યુવામેળો કહી શકાય તેવા જેજેસી-બોરીવલી આયોજિત, કાંદીવલી ખાતેના રઘુલીલા મૉલના યુવામેળાએ શ્રી પ્રફુલ્લ કામદારના માર્ગદર્શનમાં જેજેસી-બોરીવલીની સંપૂર્ણ કમિટી (Spouce સભ્યો સાથેની) અથાક પુરુષાર્થથી યુવક-યુવતીઓનું પરિચય સંમેલન સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના સર્વે પદાધિકારીઓની ઉપસ્થિતિમાં પરિપૂર્ણ થયું.

યુવામેળાનું મહત્ત્વ એટલા માટે વધી ગયું છે, કારણકે પશ્ચિમી સંસ્કૃતિએ કરેલા આક્રમણ સામે આપણી સંસ્કૃતિનો ધ્વંશ થતો ગયો. મૂળભૂત સંસ્કારો, ખાનદાની અને અન્ય ગુણોની વ્યાખ્યા ધરમૂળથી બદલાઈ ગઈ. ગ્લોબલાઈઝેશનની અસર સમાજનાં રૂઢિગત રીત-રિવાજો પર પડયા. સુખની વ્યાખ્યામાં ૧૮૦° જેટલો ફેરફાર થઈ ગયો. ભૌતિકતાનો અધ્યાત્મિકતા પર વિજય થયો. ત્યારે ૧૯૫૦થી ૧૯૯૦ સુધીનો સંક્રાત સમય એવો આવ્યો કે સમાજના અગ્રણીઓએ ચીંધેલા, કુટુંબીજનો કે વડીલો-મા-બાપે ઠરાવેલાં લગ્નોનાં પરિણામો અસંતોષજનક આવવાં લાગ્યાં અથવા નિષ્ફળ જવાં લાગ્યાં ત્યારે તેના દોષનો ટોપલો મિડિયેટર એવા સમાજના અગ્રણીઓને અપજશરૂપે મળવા લાગ્યો. ત્યારે ઉંમરલાયક છોકરા-છોકરીની માહિતી Finger Tip પર ધરાવતા Ready Recknor જેવા સેવાભાવીઓ 'ભોગવે ત્યારે, આપણે શું?' કહીને એક પછી એક ખસી જવા લાગ્યા. ત્યારે થોડા સમય માટે આ કાર્યમાં Vaccum જેવી પરિસ્થિતિ ઊભી થઈ.

દીર્ઘદૃષ્ટિ ધરાવતા 'જૈન જાગૃતિ સેન્ટર'ના માંધાતાઓએ આવનારા તોફાનને પારખી લીધું અને તુરત જ સમાજની તાતી જરૂરિયાતને નજરમાં રાખી 'યુવામેળા'નું આયોજન શરૂ કર્યું. શરૂઆતમાં આમાં ભાગ લેવા માટે આબરૂ ઓછી થઈ જવાના ડરે વડીલો અને યુવક-યુવતીઓ આગળ આવતાં સંકોચાતાં હતાં, પણ ધીમેધીમે સારાં પરિણામ આવતાં ગયાં અને નવી પેઢી બિનધાસ્ત થતી ગઈ તેમ તેમ આવા યુવામેળા સફળતાને પામતા ગયા. કારણ?

૧) ધાર્મિક ફીરકા (દિગંબર - મૂર્તિપૂજક- સ્થાનકવાસી-તેરાપંથી વગેરે), પ્રાદેશિક વાડા (ઝાલાવાડી-કાઠિયાવાડી-કચ્છી-હાલારી, સોરઠી વગેરે), સંકુચિત વિષાદ (દશા-વીસા વગેરે) નાબૂદ થતા અથવા જર્જરિત થતા યુવક-યુવતીઓને પસંદગીના પાત્રની વિશાળ તક ઊભી થતી ગઈ.

૨) મોંઘવારી અસહ્ય બનતા દરેક મિટિંગ દરમિયાન થતો પૈસા તથા સમયનો વ્યય બચી જવા લાગ્યો.

૩) વિચારોની આપ-લે માટે યોગ્ય પ્લૅટફૉર્મની સગવડતા.

૪) પોતે ક્યાં છે, તેમને શું જોઈએ છે? તેની વિચારધારાના અભાવે ઉલઝનમાં અટવાતા યુવાવર્ગને યોગ્ય જીવનસાથી શોધવાની વિશાળ તક ઉપલબ્ધ થતા યુવા વર્ગ આવા સંમેલન તરફ આકર્ષાતો જાય છે.

તેથી હવે જૈન જાગૃતિના ઘણાં બધાં સક્ષમ સેન્ટરોએ આવા આયોજનમાં ઝંપલાવી સમાજની સેવા કરવાની તક ઝડપી લીધી છે. જેજેસી દ્વારા અત્યાર સુધીમાં અનેક મેળાનું આયોજન કરી યુવક-યુવતીઓને અરસપરસ પરિચય સાધવામાં મદદ કરી છે અને એમાંથી કેટલાંય જોડાં (Couple) આજે સુખમય, સફળ દામ્પત્યજીવન જીવી રહ્યાં છે.

સમાજના સુખી-સંપન્ન શ્રેષ્ઠીઓ પણ તેમની પવિત્ર ફરજ સમજીને તેમને ભગવાને આપેલી સંપત્તિનો યોગ્ય ઉપયોગ થાય એટલે આર્થિક યોગદાન માટે આગળ આવી રહ્યા છે.

જેજેસી-બોરીવલીના યુવામેળામાં અમે શું નીરખ્યું?

૧) સર્વ કમિટી સભ્યો તેમની ધર્મપત્નીઓ સાથે તેમને ચીંધવામાં આવેલ ફરજમાં કાર્યરત હતા.

૨) સુચારુ વ્યવસ્થા ધ્યાનાકર્ષક હતી.

૩) Electronic વ્યવસ્થાનો ઉપયોગ લઈ સર્વે ભાગ લેનાર યુવાનોને સંપૂર્ણ માહિતી મળી રહે તેવી વ્યવસ્થા હતી. સંપૂર્ણ હૉલમાં Plazma Monitorથી માહિતી સર્વે જગ્યાએ ઉપલબ્ધ થતી.

૪) મૅનેજમેન્ટનું સૌજન્યપૂર્વકનું સંચાલન કાબિલે દાદ હતું.

૫) સર્વે વૉલન્ટિયર્સ ડ્રેસ કોડથી પરિધાનિત હતા તેથી અજબ-ગજબ જુસ્સો પ્રવર્તતો હતો.

૬) નાસ્તો, ચા-કૉફી, જમવાની સંતોષકારક વ્યવસ્થા હતી.

૭) કોઈ બહુમૂલ્ય લગ્નના રિસેપ્શનનો માહોલ રદ્યુલીલા મૉલના લોટસ હૉલનો માહોલ હતો.

સેન્ટરના મિતભાષી પ્રમુખ શ્રી મણિકાંત કોઠારી ખૂબ જ ઉત્સાહિત દેખાઈ આવતા હતા.

સેન્ટ્રલ બોર્ડના મહારથીઓનું યોગ્ય સન્માન કરવામાં આવ્યુ. સમારંભના દાતાઓનું બહુમાન કરી તેમને નવાજવામાં આવ્યા.

સમારંભનું સંચાલન શ્રી પ્રફુલ્લ કામદારે કર્યું.

યુવક-યુવતીઓએ વિનાસંકોચે સ્ટેજ ઉપર આવીને પરિચય આપ્યો.

ગમતાં અનુકુળ પાત્રો સાથે મુલાકાત કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી.

અને છેલ્લે મહિનાઓનો થાક દૂર કરી Fresh up થવા સંમેલન પછી એ જ હૉલમાં ભાનુ વોરાનો સપ્તરંગી ડાયરો પીરસવામાં આવતા બધા આનંદમય થઈ ગયા.

(તસવીર માટે જુઓ પેજ નં. ૨૦)

(આંખો દેખ્યો અહેવાલ તથા Narration : આર્મેશકુમાર જૈન)

JAIN JAGRUTI CENTER-CENTRAL BOARD NOMINATED AREA CO-ORDINATERS IN GUJARAT

JAIN JAGRUTI CENTRES : VINCHIYA-GADHADA, PALIYAD-RANPUR, BOTAD-PALITANA, BHAVNAGAR-TALAJA, MAHUVA-PALITANA-L/W PALITANA

CO-ORDINATERS : Vijaybhai Mehta (Jamnagar)- vijaymehta2709@yahoo.co.in - 9428404822
Lalitbhai Vora (Dhoraji) – lalitbvora@gmail.com- 9913975566

JAIN JAGRUTI CENTRES : BHUJ-NAKHATRANA, MADHAPAR-RAPAR, ANJAR-MANDVI, MUNDRA-MANDVI - L/W MANDVI, GANDHIDHAM

CO-ORDINATERS : Ketan Zalmora (Deesa) – ketanzalmora@yahoo.co.in- 9898125258
Hemendrabhai Mehta (Patan) – drhcm_patan@yahoo.com- 9426507650

JAIN JAGRUTI CENTRES : JUNAGADH-UNA, GONDAL-DHORAJI, JETPUR-UPLETA, PORBANDER

CO-ORDINATERS : Ghanshayambhai Doshi (Palitana) – dr.g.doshi@gmail.com- 9426262157
Kirtibhai Sakhpara (Bhavnagar) – sakhpara@yahoo.com - 9825207272

JAIN JAGRUTI CENTRES : DHANGADHRA-THANGADH, MANDAL-CHOTILA, SAYLA-LIMBDI, SURENDRANAGAR & L/W SURENDRANAGAR, WADHWAN, HALVAD

CO-ORDINATERS : Bhavinbhai Shah (Mandvi) – divyazerox@gmail.com- 9426837302
Kirtibhai Zota (Bhuj) – kirti.zota@yahoo.com- 9426262705

JAIN JAGRUTI CENTRES : PATAN-DEESA, DIODAR-THARA, HIMAT NAGAR, MEHSANA-KALOL-L/W MEHSANA, VISNAGAR-BHABHAR, UNJHA

CO-ORDINATERS : Vinodbhai Dhoka (Ankleshwar) – jainvinod6464@yahoo.co.in- 9427930764
Sharadbhai Shah (Suryapur) – texwin.surat@gmail.com- 9825804694

JAIN JAGRUTI CENTRES : ELLISBRIDGE-KARNAVATI, AHMEDABAD CENTRAL, L/W AHMEDABAD CENTRA - L/W-AHMEDABAD MEGA, VIRAMGAM - NAVRANGPURA

CO-ORDINATERS : Prafulbhai Shah (Surendranagar) – nirmal_in@hotmail.com- 9898249499
Divyang Shah (Sayajinagari)-divyangshhah@yahoo.co.in- 9427313113

JAIN JAGRUTI CENTRES : JAMNAGAR MAIN-WAKANER, JAMNGER WEST-MORBI, L/W JAMNAGAR - L/W RAJKOT, RAJKOT-SIMANDHAR RAJKOT, MID TOWN RAJKOT

CO-ORDINATERS : Vinubhai Bagadia (Botad) - 9924251354
Deepakbhai Shah (Dhangadhra) – deepakshah300@gmail.com- 9925120300

JAIN JAGRUTI CENTRES : VAPI-SURAT, SURAT-L/W SURAT-NETRANG, SURYAPUR SURAT-ANKALESHWAR KALANAGARI VADODARA, SAYAJINAGRI, TIRTHNAGARI KARJAN

CO-ORDINATERS : Manubhai Maniar (Karnavati) - maniar.manubhai@gmail.com- 9426360969
Kaushikbhai Shah (Ellisbridge) – kshah_ca@yahoo.com- 9327005622

જૈન જાગૃતિ સેન્ટર-ઘાટકોપર આયોજિત મેડિકલ કૅમ્પ તથા રક્તદાન શિબિર

શ્રી પકંજ કપાસી, શ્રી શાંતિલાલ ગડા, શ્રી શિરીન સલોત, શ્રી રોહિત છેડા, ડૉ. હિતેન દડિયા, શ્રી પરેશ ગાલા, શ્રી નેહલ કોઠારી, પ્રેરિત દાતા શ્રી લહેરી દેઢિયા, પ્રેસિડન્ટ શ્રી જયેન્દ્ર દડિયા, પ્રેરિત દાતા શ્રીમતી હેમલતાબહેન લહેરી દેઢિયા, શ્રી પંકજ મારુ, શ્રી ઉદ્યન શાહ, શ્રી નીરવ કોઠારી, શ્રી લહેરી મસાલાવાલા

રેકર્ડ બ્રેક તરફ ગતિ કરતા શ્રી જિતેન્દ્ર કોઠારી (આઈ. પી. ચૅરમૅન) મહામૂલી માનવજિંદગી માટે અમૂલ્ય ૧૪૮મી વાર રક્તદાન

One Solution For All Your Fire Protection Needs.

NITIE®
FIRE PROTECTION ENGINEERS

NITIN FIRE PROTECTION INDUSTRIES LIMITED

FIRE PROTECTION ENGINEERS

Corporate Headquarter

501, Delta, Technology Street, Hiranandani Gardens, Powai, Mumbai - 400 076. INDIA

Tel.: +91 22 4045 7000 Fax.: +91 22 2570 1110

Email : nitinfire@vsnl.com Website : http://www.nitinfire.com

ADVT

NITIN
FIRE PROTECTION ENGINEERS
Total
Fire
Protection
Solutions
FIRE PROTECTION ENGINEERS

ADVT

Rajshree
CLOVER

Presenting a benchmark for quality of life

1 / 2 / 3 BHK FLATS

Site : Bldg. No 110, Tilak Nagar, Chembur (East), Mumbai - 400 089.

Ongoing Projects

Rajshree Amber MALAD (E)

1 / 2 BHK FLATS

Rajshree Status GHATKOPAR

4 BHK FLATS

Rajshree DAISY CHEMBUR

2 / 3 BHK FLATS

Developer :

RAJSHREE BUILDERS

Building A Future Into Every Home

Marketing Consultants :

Manish D. Vora

9820144859 / 9324339343

ADVT

HOW OFTEN HAVE YOU YEARNED FOR A HOME WITH THE BEST SPORTING FACILITIES?

Welcome to a world of cutting edge sports amenities to suit your modern lifestyle and healthy living.
US Open Standard Tennis Courts I Basketball Court I Swimming Pool I Badminton Court I Jogging and Cycling Track

Call: 022 67829999

FITNESS 46

INDIA'S FIRST FITNESS CENTRE AND JOGGING TRACK ON THE 46TH FLOOR

The US Open Apartments pampers you with a state-of-the-art fitness centre on the rooftop. If you ever wished you could lead an active life, consider all your wishes granted.

- Jogging Track
- Hi-tech Gymnasium
- Spa

2 BHK starts from
₹ 1.05 Crores
onwards

US OPEN
APARTMENTS

WELCOME TO INDIA'S FIRST SPORTS-LIFESTYLE APARTMENTS

India's first sports-lifestyle apartments is now here. With cutting edge sports amenities and a state-of-the-art fitness centre on the rooftop, it is everything you need to lead a healhy and active lifestyle.

OUR OTHER PROJECTS:
Thrill & Triumph @ ₹ 9900 PSF
Amethyst @ ₹ 9900 PSF
Polaris @ ₹ 12000 PSF

US Open Apartments site office: Next to Citi of Joy, Ecstacy Commercial Building, J.D. Road, Nr. Mulund Station (W), Mumbai - 80.
Head office: Multiplex Building, 3rd Floor, LBS Road, Mulund (W), Mumbai - 80.

Website: www.nirmallifestyle.com I E-mail: nrisales@nirmallifestyle.com

An ISO 9001:2008 & ISO 14001:2004, Real Estate Company I Conditions apply I This property is financed by HDFC Ltd.
All projects designed by Architect Hafeez Contractor I Solicitors for the Project: Ashok Paranjpe (MDP & Partners)

ADVT

Nirmal Lifestyle
INNOVATING...CREATING...TRANSFORMING

Disclaimer: The plans, specifications, images and other details herein are only indicative and the developer/owner reserve the right to change any or all of these in the interest of the development. This printed material does not constitute an offer and/or contract of any type between the developer/owner and the recipient. Any purchaser/lessee of this development shall be governed by the terms and conditions of the agreement for sale/lease entered into between parties and no details mentioned in this printed material shall in any way govern such transaction. Tolerance of + / - 2 % is possible in the unit areas on account of design and construction variances. EuroRSCG/Nirmal/12

જૈન જાગૃતિ સેન્ટર-બોરીવલી આયોજિત ચતુર્થ યુવામેળો

રવિવાર, તા. ૬-૫-૨૦૧૨

યુવા મેળાના સૌજન્યદાતા : શ્રી ભરતભાઈ મોદી, શ્રી સુરેશભાઈ સત્રા, શ્રી ભરતભાઈ મહેતા,
મુખ્ય અતિથિ શ્રી પંકજભાઈ શાહ, શ્રી જે. સી. શાહ, ઉપપ્રમુખ શ્રી બકુલભાઈ કોઠારી
સ્થાપક પ્રમુખ શ્રી રતિલાલ મહેતા તથા ચેરમેન શ્રી રમેશભાઈ મોરબિયા

મંચસ્થ મહાનુભાવો

મંચસ્થ મહાનુભાવો

નવી પ્રણાલિકા : દીપ પ્રાગટ્ય : સૌ સૌના ટેબલ ઉપર

દીપ પ્રાગટ્ય કે દીપ માલા પ્રાગટ્ય :
નવી રીત : સમયની બચાવ

જૈન જાગૃતિ સેન્ટર-જુહુ : Happy Birthday

૨૫ વર્ષની સુહાની સફર – રજત જયંતી

સિલ્વર જ્યુબિલી કેક

૨૫ વર્ષ પહેલાં પ્રગટાવેલાં દીપનો પ્રકાશ
ખુશખુશાલ દાદાજી

જેજેસી-જુહુના પદાધિકારીઓ સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ સાથે આનંદિત મુદ્રામાં
ગોલ્ડન જ્યુબિલી તરફ પ્રયાણ શરૂ...

મોં મીઠું ! ચૅરમૅન મળ્યા પ્રમુખને
શ્રી રમેશભાઈ મોરબિયા : શ્રી ભુપેન્દ્રભાઈ મહેતા

સુગંધભર્યાં ગુલદસ્તા થકી શુભેચ્છા

JAINA Legislative Conference

Journey to Live and Help Live

વિશ્વના સત્તા કેન્દ્ર White Houseની નિશ્રામાં Conferenceના Deligatesની સાથે જૈન જાગૃતિ સેન્ટરના પ્રતિનિધિ શ્રી રમેશ મોરબિયા (ચૅરમૅન), શ્રી જિતેન્દ્ર કોઠારી (આઈ.પી. ચૅરમૅન) અને શ્રી પ્રફુલ્લ કામદાર (સેક્રેટરી જનરલ)

જેજેસી-અંકલેશ્વર આયોજિત Dance Comptetionના સ્પર્ધકો વચ્ચે પ્રમુખ શ્રી વિનોદ ધોકા

સાત સમંદર પાર - દૂર ગગનના છત્રમાં

'નોર્થ અમેરિકા' ખંડમાં હજારો જૈનો ફીરકાઓના ભેદ વિના વસે છે અને કાર્યરત છે. આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે તેમણે ઘણી જ ઊંચાઈ હાંસલ કરી છે.

'નોર્થ અમેરિકા'માં વસતા આશરે ૧,૫૦,૦૦૦ + જૈનોની ૭૦ જેટલી સંસ્થાઓના **Umbrella Organisation-JAINA (Jain Associations in North America)** દ્વારા તા. ૨૭ માર્ચ, ૨૦૧૨ના રોજ વૉશિંગ્ટન ડી.સી. ખાતે **JAINA Legislative Conference**નું આયોજન અમેરિકામાં વસ્તી જગતની બીજી મહાન લઘુમતી કોમ-**Jewish**ની સંસ્થા **American Jewish Committee (AJC)**ના સહયોગમાં અને **Jain Society of Metropolitan Washington (JSMW)**ના યજમાનપદે થયું.

JAINAએ ભારતની સરતાજ જૈન સંસ્થા 'જૈન જાગૃતિ સેન્ટર'ને આ કૉન્ફરસમાં ભાગ લેવા આમંત્રણ પાઠવ્યું અને **JJC**એ તેમાં પ્રતિનિધિત્વ કરવા શ્રી રમેશ મોરબિયા (ચૅરમૅન), શ્રી જિતેન્દ્ર કોઠારી (**IP** ચૅરમૅન) તથા શ્રી પ્રફુલ્લ કામદાર (સેક્રેટરી જનરલ)ને પાઠવ્યા.

આ કૉન્ફરન્સનું મુખ્ય થીમ (**Key Theme**)હતું: **"Helping each other live in peace and non violence", "The importance of relationship building" and "Religious harmony in the world".** મુખ્ય ફિલોસોફી છે: **"Live and help live",** જીવો અને બીજાને જીવવા મદદ કરો.

આશરે ૬૦ જેટલા **JAINA**ના **Executive**એ હાજરી આપી અને મંતવ્ય આપ્યાં. કૉન્ફરન્સના **Chief Co-ordinator** તરીકે ડૉ. સુશીલ જૈને જવાબદારી સંભાળી. (ડૉ. જૈન **Retired U. S. Naval Officer** છે).

કૉન્ફરન્સમાં ઘણાબધા વિષયોને આવરીને તજજ્ઞો દ્વારા ફળદાયી ચર્ચા કરવામાં આવી અને નિર્ણયો લેવાયા. ઉપરાંત **Indo American Relation** અને **Indo Israel Relations Building** વિશે પણ વિચાર-વિનિમય કરવામાં આવ્યો. **Mr. Daniel Coughlins**એ તેમના **Jainism** વિશેના અનુભવોની સુંદર ટિપ્પણી કરી **Jainism**ના સિદ્ધાંતોને બિરદાવ્યા. ડૉ. મનોજ ધરમશીએ નવકાર મંત્રનું પઠન કર્યું. ડૉ. સુશીલ જૈને તેમની **Welcome** સ્પીચમાં જેજેસીના **Executives**ને સત્કાર્યા અને **JJC**ની વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી.

Mrs. Elizabeth (Director Physician Committee) એ તેમના જુસ્સાદાર પ્રવચનમાં જૈન થિયરીને બિરદાવતાં કહ્યું કે તંદુરસ્ત જીવન માટે શાકાહારી (**Plant Based Diet**) અપનાવી બાળકોને તંદુરસ્ત બનાવવા જોઈએ. ઉપરાંત મેડિકલ સંશોધન માટે જાનવરના ઉપયોગના નિષેધની તરફેણ કરી.

કૉન્ફરન્સનું સ્થળ: વૉશિંગ્ટન ખાતે આવેલ **White House**ને અડીને આવેલ **Capitol Hill** અને **Rayburn House office.**

જેજેસીનું પ્રતિનિધિત્વ કરતી **Executive** ત્રિપુટી વતી શ્રી જિતેન્દ્ર કોઠારીએ જૈન જાગૃતિ સેન્ટર સંસ્થાની પ્રવૃત્તિઓ, મુદ્રાલેખ, સિદ્ધાંતો અને કાર્યશૈલી વિશે વિસ્તૃતમાં માહિતી આપી.

શ્રી રમેશ મોરબિયાએ **JAINA**ના **Executives**નો આ કૉન્ફરન્સમાં આમંત્રણ આપવા બદલ આભાર માન્યો. ભારત આવીને તેમણે એવી આશા વ્યક્ત કરી કે ભવિષ્યમાં જેજેસીના હાયર એજ્યુકેશન અભિયાન અન્વયે અમેરિકા જતા આપણા વિદ્યાર્થીઓને **JAINA** માર્ગદર્શક અને મદદરૂપ થશે.

આરોગ્યનાં સૂત્રો
HEALTH IS WEALTH

■ ધનસુખ અમરશી મોરબિયા, દાદર-મુંબઈ

શિયાળામાં તલ, શરીર કરે ખડતલ,
અવળીનાં પાન, સુંદર બનાવે વાન,
ચાના બદલે ચણા, તો જીવે ઘણા,
ખાંડના બદલે ગોળ, તો હાથમાં આવે જોર,
જે ખાય ભાજી, તેની તબિયત સાજી,
જે ખાય મગ, તેના જોરમાં ચાલે પગ,
જે પીવે બીડી, તે ચડે રોગોની સીડી,
તુલસીનાં પાન, દિલમાં લાવે જાન,
બ્રેડ અને પાંઉ, તબિયત કરે ચાંઉ,
ભેળપૂરી અને ભાજીપાંઉ કમળો કહે હું તને ખાઉં,
લીલી ભાજીનું શાક, જલદી ઉતારે થાક,
ચાના બદલે રાબ, તો વધે રૂઆબ,
આમળાં ને જામફળ આરોગ્ય રાખો સફળ,
જો ખાય વાસી ભજિયાં તો પેટમાં થાય કજિયા,
પેટમાં ઊપડે પીડા તો ફાકો અજમો,
લીલી ભાજી, આંખો રાખે તાજી,
વાસી ખાય ગોટા, તો ઝટપટ ભરાવે લોટા,
ફુલફી ને ગોલા, કરી નાખે પોલંપોલા,
સાજા ખાય રોટલા, માંદા ખાય રૂપિયા,
ઘણો મસાલો, દેહનો કસાલો,
જેટલા ભોગવો ભોગ, તેટલા મેળવો રોગ,
સ્વચ્છ પાણી અને શુદ્ધ હવા, રોગ માત્રની ઉમદા દવા,
કરિયાતું અને વડું, તાવનું ઓસડ વડું,
આંખે પાણી, દાંતે લૂણ, પેટ ન ભરો સારે ખૂણ,
મસ્તકે તેલ, કાને તેલ, રોગ તનના કાઢી મેલ,
શરીરે દુઃખી તે દુઃખી સર્વ વાતે,
શરીરે સુખી, તે સુખી સર્વે વાતે,
લાંબું ભોજન ટૂંકી જિંદગી,
ટૂંકું ભોજન લાંબી જિંદગી.
ભોજનાલય એટલે ભોજન કરવાનું છે સ્થાન,
થવા ન દેશો કોઈ દી ભઈલા, એને કબ્રસ્તાન,
શરીર તો બસ શરીર છે, રાખો એવું ભાન,
શરીરને ના બનાવશો, દવાઓની દુકાન,
મધ, આદું રસ મેળવી, ચાટે પરમ ચતુર,
શ્વાસ, શરદી, વેદના, ચોક્કસ નાસે દૂર,
પેટ સાફ રોગ માફ, રોગ વગરનું તન, જાણે એક ઉપવન,
પહેલું સુખ તે જાતે નરવા, બીજું સુખ ખાવું ભાવે,
ત્રીજું સુખ તે ઝાડો ઊતરે, ચોથું સુખ તે નિંદ આવે,
સાચું સુખ સંસારનું, દેહ નીરોગી હોય,
કરોડપતિ શું કામનો, દર્દનો ડુંગર જે હોય,
ખાવું તો તોળી તોળી, પીવું તો ઘોળી ઘોળી,
સૂવું તો રોળી રોળી, એ ઓસડ ને એ ગોળી
ઠંડું માથું, હળવું પેટ એ હૂંફાળા પાય,
એવું જણ ના કોઈ દી દાક્તર પાસે જાય,
જમતાં પહેલાં જળ નહીં, વચમાં પીવે વીર,
પહેલાં છેવટ બે વખત આચમન લેવું નીર,
ઓછું બોલે, ઓછું ખર્ચ કરે, ઓછું ખાય,
તે માનવી લાંબું, ચિંતા વિનાનું, નિરોગી જીવન જીવે.
ઊંઘો સૂવે અભાગિયો, એ ચત્તો સૂવે રોગી,
ડાબા તો સૌ કોઈ સૂએ, જમણે સૂવે જોગી.
હૃદયરોગની દવા અનુપમ સાજડવૃક્ષની છાલ,
પીજો કરીને કવા..... તો સદાય કરજો ગોપાલ,
મગ કહે હું લીલો દાણો મારે માથે ચાંદાં
બે-ચાર મહિના ખાય તો માણસ ઉઠાડું માંદા.

CHARTER DATE FROM 01st MAY TILL 30TH JUNE

Centre Name	Charter Dt.	President	Mob.Nos.	Secretary	Mob.Nos.
JJC AMALNER	30-05-1992	Bipin Kothari	094057 94703	Sunil Sheth	094222 78337
JJC SURENDRANAGAR	05-07-1985	Dwijesh Shah	094269 14796	Chandrakant	094272 03290
JJC THANGADH	14-06-1997	Subhash Shah	02751-220308	Jashmin Shah	02751-220425
JJC CHENNAI	29-06-1997	Niraj Shah	091766 21697	Amit Badani	08400 37617

કર્મના પ્રકાર

■ ડૉ. આરતી નલિન વોરા

સંસારમાં વિવિધ અને વિચિત્ર ઘટનાઓ પ્રતિક્ષણ બન્યા જ કરે છે. એકનો જન્મ રાજમહેલમાં અને એકનો જન્મ ગરીબની ઝૂંપડીમાં થાય છે ત્યારે મનમાં પ્રશ્ન થાય છે કે શું આ ઘટનાઓ પાછળ કોઈ નિયમ નહીં હોય? જૈન ધર્મ માને છે કે બધી ઘટનાઓ પાછળ નિયમ રહેલો છે જેને કર્મનો સિદ્ધાંત કહેવાય છે.

મહાવીર પ્રભુએ સૂત્રકૃતાંગ નામના આગમમાં કહ્યું છે કે માણસ જે દુઃખી થાય છે, શોક પામે છે, પરિતાપ પામે છે તે બધું તેના કરેલાં કર્મોનું ફળ છે. માણસ આનંદ પામે છે, ખુશી મેળવે છે, તે હર્ષ પામે છે, તે પણ તેણે કરેલાં કર્મનું ફળ છે. સુખ અને દુઃખ પોતાનાં કરેલા કર્મોથી જ પ્રાપ્ત થાય છે. જૈન ધર્મ કર્મપ્રધાન ધર્મ છે, તેથી સહુ કોઈએ પોતાના કરલાં કર્મ અનુસાર ફળ ભોગવવું જ પડે છે. દરેકદરેક જીવે પોતપોતાનાં કર્મનું ફળ પૂરેપૂરું ભોગવી રહે ત્યાં સુધી આ શાશ્વત સંસારમાં વારંવાર જન્મ લેવો પડે છે. આ જન્મ-મરણ ચક્ર વિષમ છે અને દરેક જીવે પોતાનાં કર્મના ફળસ્વરૂપે આ ચક્રમાં ભ્રમણ કર્યા કરવું પડતું હોય છે. રાગ-દ્વેષ અને કષાયના વિષયોમાં ખૂંપી ગયેલા જીવો આ ચક્રમાંથી સહેલાઈથી છૂટી શકતા નથી.

આત્મા અને કર્મનો સંબંધ અનાદિ છે, પરંતુ અનંત નથી. આ સંબંધનો કાયમ માટે અંત લાવી શકાય છે. જેમ અનાદિ કાળથી માટીની સાથે મળેલ સુવર્ણનો ઉજ્જવળ ચકચકાટ થવાનો સ્વભાવ ઢંકાયેલો છે તે પ્રમાણે આત્મા પણ કર્મપ્રભાવના આવરણથી ઢંકાયેલો છે. મલિન દર્પણને સાફ કરવાથી તે ઉજ્જવળ બને છે તેમ જ આત્મા ઉપરનો કર્મમળ ધોવાઈ જવાથી તે ઉજ્જવળ બને છે અને પોતાના મૂળ સ્વરૂપમાં પ્રકાશમાન થઈ ઊઠે છે.

જૈન ધર્મની માન્યતા પ્રમાણે આ વિશ્વમાં વિવિધ પ્રકારના પુદ્ગલ પરમાણુઓ ઠાંસોઠાંસ ભરેલા છે અને તેની હેરફેર સતત ચાલ્યા જ કરતી હોય છે. એમાંના એક પ્રકારના પુદ્ગલ પરમાણુઓને કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓ તરીકે ઓળખવામાં આવે છે. જીવાત્માઓ પ્રતિક્ષણ જાગતા કે ઊંઘતા, મન-વચન-કાયાના યોગ અધ્યવસાયથી જે જે શુભ-અશુભ કર્મો કરે છે તે પ્રમાણે કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓને પોતાના આત્મા પ્રતિ આકર્ષે છે. કર્મ ઉદયમાં આવી જ્યારે ભોગવાય છે ત્યારે આત્માને ચોંટેલા તે પુદ્ગલ પરમાણુઓ ખરી પડે છે. આત્મા જ્યારે એક દેહ છોડી બીજો દેહ ધારણ કરે છે ત્યારે બાકી રહેલા પુદ્ગલ-પરમાણુ સાથે લઈ જાય છે. આમ નવાં કર્મો બાંધવાની અને જૂનાં કર્મોનો ક્ષય થવાની પ્રક્રિયા નિરંતર અને જન્મજન્માંતર ચાલ્યા જ કરે છે. આ કર્મો જ્યારે સંપૂર્ણપણે ક્ષય પામે છે ત્યારે આત્મા મુક્તિ પામે છે, શુદ્ધ-બુદ્ધ-મુક્ત બની જાય છે. કર્મરહિત બની મોક્ષ પામે છે. મોક્ષપ્રાપ્તિ પછી આત્માને દેહ ધારણ કરવો પડતો નથી. આમ મુક્ત અવસ્થામાં આત્મા જન્મમરણના ચક્રમાંથી મુક્ત બની સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે.

જૈન ધર્મ પ્રમાણે કર્મ આઠ પ્રકારનાં છે જેને સંક્ષિપ્ત રીતે આપણે જોઈશું. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. આ આઠ પ્રકારનાં કર્મ પૈકી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મ તરીકે ઓળખાય છે, કારણકે એ કર્મો આત્માનો વિશેષપણે ઘાત કરે છે, આત્માના મૂળ ગુણોનો ઘાત કરે છે. જ્યારે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મો છે. ઘાતી કર્મો અશુભ અને ભારે હોય છે, ત્યારે અઘાતી કર્મો શુભ અને અશુભ બંને પ્રકારનાં હોય છે.

૧) જ્ઞાનાવરણીય કર્મ :- જે કર્મ જ્ઞાનનું આવરણ કરે છે તેને જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. તે આત્માના અનંત જ્ઞાનગુણને ઢાંકે છે. જેમ સૂર્યની આડે વાદળાં આવવાથી સૂર્યનો પ્રકાશ મંદ પડે છે તેમ જ્ઞાનાવરણીય કર્મના આચ્છાદાની આત્માનો જ્ઞાનપ્રકાશ મંદ પડે છે. જ્ઞાન અને જ્ઞાનીની નિંદા કરવાથી, જ્ઞાનીનો દ્વેષ કરવાથી કે અપમાન કરવાથી અથવા અકારણ ઝઘડા કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. આ કર્મને લીધે જીવ બહેરો-મૂગો-મંદબુદ્ધિનો બને છે અને આત્માનું જ્ઞાન પામી શકતો નથી.

૨) દર્શનાવરણીય કર્મ :- જે કર્મ દર્શનનું આવરણ કરે તે દર્શનાવરણીય કર્મ. ઈન્દ્રિયો અને મન દ્વારા વસ્તુનો સામાન્ય બોધ થવો તે દર્શન. આ કર્મ આત્માના અનંત દર્શન ગુણને ઢાંકે છે. જેમ આંખો પર પાટો બાંધવાથી પદાર્થો દેખી શકાતા નથી અથવા રંગીન ચશ્માં પહેરવાથી વિપરીત રંગોનો ભાસ થાય છે તેમ દર્શનાવરણીય કર્મના પાટા કે ચશ્માંને લીધે પદાર્થો દેખાતા નથી અથવા દેખાય તો યથાતથ્ય સમજમાં આવતા નથી. મુનિજનોની નિંદા કરવાથી, જ્ઞાનીજનોની અવહેલના કરવાથી, ભગવાનના વચનમાં શંકાકુશંકા કરવાથી અથવા ધર્મસાધનામાં અવરોધ ઊભો કરવાથી દર્શનાવરણીય કર્મ બંધાય છે. આ કર્મના લીધે જીવાત્માને અંધાપો આવે, અનિદ્રાના ભોગ બને અને આત્માનું દર્શન કરી શકે નહિ, વગેરે ફળ ભોગવે છે.

૩) વેદનીય કર્મ :- જે કર્મ આત્માને સુખ-દુઃખનો અનુભવ કરાવે તે વેદનીય કર્મ છે. તે આત્માના અનંત અવ્યાબાધ

આત્મિક સુખને રોકે છે. જેમ મધ ચોપડેલી તલવાર ચાટવાથી પ્રથમ સ્હેજ મીઠાશ લાગે પણ પાછળથી મહા દુઃખદાયક નીવડે છે તેવી જ રીતે શાતાવેદનીયમાં લુબ્ધ જીવો કિંચિત સુખભોગમાં લુબ્ધ થવાથી મહાદુઃખ પ્રાપ્ત કરે છે અને અફીણથી ખરડાયેલ તલવાર ચાટવાથી પૂર્વ પશ્ચાત ઉભય પ્રકારે દુઃખ થાય છે તે જ પ્રમાણે અશાતાવેદનીય કર્મ બાંધતાં અને ભોગવતાં બંને વખત દુઃખ ઊપજે છે. જીવ માત્ર પર દયા, કરુણા કરવાથી, દુઃખીઓના દુઃખમાં સહભાગી બની તેમનાં દુઃખો હળવાં કરવાથી શાતાવેદનીય કર્મ બંધાય છે. જીવોને ત્રાસ કે સંતાપ આપવાથી કે તેમના દુઃખથી રાજી થવાથી અશાતાવેદનીય કર્મ બંધાય છે. શાતાવેદનીય કર્મના ફળરૂપે જીવાત્માને મનગમતા અને મનભાવતા ઉપભોગ મળે છે, જ્યારે અશાતાવેદનીય કર્મને લીધે ગરીબાઈ-રોગ વગેરે દુઃખો મળે છે.

૪) મોહનીય કર્મ :- જે કર્મ જીવને મોહગ્રસ્ત બનાવી તેની વિવેકબુદ્ધિને ભ્રષ્ટ કરે તે મોહનીય કર્મ. તે આત્માના અનંત ક્ષાયિક સમકિત ગુણને રોકે છે. જેમ દારૂડિયો સુધ-બુધ વીસરી ભાન ભૂલી જાય છે તેમ મોહનીય કર્મના ઉદયથી જીવ આત્મમાન ભૂલી વિભાવ પરિણામી થઈ પુદ્ગલાનંદી બની જાય છે. તીવ્ર ક્રોધ-માન-માયા-લોભ કરવાથી, અનાચાર, વ્યભિચાર કરવાથી મોહનીય કર્મ બંધાય છે. આ કર્મફળથી જીવાત્મા મોહાંધ, રાગાંધ અને વિષયલુબ્ધ બને છે. ઈર્ષ્યાળુ, ઝઘડાખોર, માયાવી અને દંભી બની અકારણ ભયભીત અને શોકાતુર રહે છે, મોહનીય કર્મને આઠે કર્મોનો રાજા કહેવાય છે.

૫) આયુષ્ય કર્મ :- જે કર્મના કારણે આત્માને અમુક સમયમર્યાદા સુધી એક શરીરમાં રહેવું પડે તે આયુષ્ય કર્મ. તે આત્માના અક્ષયસ્થિતિના ગુણને રોકે છે. જેમ જેલમાં પડેલો મનુષ્ય પોતાની ઈચ્છા પ્રમાણે ગમનાગમન કરી શકતો નથી તેમ આયુષ્ય કર્મના ઉદયથી જીવ દેહરૂપી કારાગૃહમાં ફસાઈ રહે છે. જીવોની પ્રતિપળ હિંસા થતી હોય તેવા કામધંધા કરવાથી, સંગ્રહખોરી કરવાથી, માંસાહાર કરવાથી કે જીવની હત્યા કરવાથી જીવાત્મા નર્ક ગતિમાં જાય છે. કપટસહિત જૂઠું બોલવાથી, વિશ્વાસઘાત કરવાથી, જૂઠા તોલમાપ કરવાથી જીવાત્મા તિર્યંચ ગતિમાં જાય છે, એટલે કે પશુપક્ષી અવતાર પામે છે. જે જીવાત્મા સ્વભાવથી નિષ્કપટી, વિનયવાળો, સદાચારી, સરળ, દયાળુ, ઈર્ષ્યા રહિત હોય તે મનુષ્યભવ પામે છે. દીક્ષા લઈને સંયમ પાળવાથી, ગૃહસ્થાશ્રમમાં બાર વ્રતોનું પાલન કરવાથી, તપ કરવાથી, સમતાભાવે દુઃખ સહન કરવાથી જીવાત્મા દેવગતિમાં જાય છે.

૬) નામ કર્મ :- જે કર્મને લીધે આત્માને સારું કે ખરાબ શરીર, રૂપ, રંગ, આકૃતિ, સ્વર, યશ-અપયશ ઈત્યાદિ પ્રાપ્ત થાય છે તે નામ કર્મ. તે આત્માના અમૂર્તિપણાના ગુણને રોકે છે. જેમ ચિત્રકાર મરજીમાં આવે તેવાં ચિત્રવિચિત્ર ચિત્રો બનાવે છે તેમ નામકર્મના યોગથી વિચિત્ર પ્રકારના શરીર અને નાનાવિધ રૂપો ધારણ કરવા પડે છે. મન-વચન-કાયાને સરળ અને પવિત્ર રાખવાથી તેમ જ સૌ સાથે પ્રેમ અને મિત્રભાવે વ્યવહાર કરવાથી શુભ નામ કર્મ બંધાય છે. મન-વચન-કાયાને વક્ર અને અપવિત્ર રાખવાથી તેમ જ સૌ સાથે ક્લેશ-કંકાસ કરવાથી અશુભ નામ કર્મ બંધાય છે. શુભ નામ કર્મથી મનગમતા ભોગ-ઉપભોગ મળે છે, યશ મળે છે. આરોગ્ય વગેરેનું સુખ મળે છે. અશુભ નામ કર્મથી અભાવ, પીડા, બદનામી, બીમારી વગેરે અનેક દુઃખ ભોગવવા પડે છે.

૭) ગોત્ર કર્મ :- જે કર્મના કારણે જીવને ઉચ્ચ કે નીચ કુળ કે ગોત્ર પ્રાપ્ત થાય છે તે ગોત્ર કર્મ. તે કર્મ આત્માના અગુરુ-લઘુ ગુણને રોકે છે. જેમ કુંભાર એક જ માટીમાંથી અનેક પ્રકારનાં વાસણો બનાવે છે તેમ ગોત્ર કર્મના ઉદયથી એક જ પ્રકારના શરીરે કરી અનેકવિધ જાતિનો અનુભવ કરે છે. જાતિ, કુળ, બળ, રૂપ, તપ, જ્ઞાન અને લાભ વગેરેનું કોઈ એકનું કે એકથી વધુનું અભિમાન કરવાથી નીચ ગોત્ર બંધાય છે અને એવું અભિમાન ન કરવાથી ઉચ્ચ ગોત્ર બંધાય છે. ઉચ્ચ ગોત્ર કર્મથી સુખી, સંપન્ન અને સંસ્કારી કુટુંબમાં જન્મ મળે છે અને રૂપ-બળ-સમૃદ્ધિ વગેરે ઉત્તમ સામગ્રી મળે છે, જ્યારે નીચ ગોત્ર કર્મથી હલકી જાતિ અથવા કુળમાં જન્મ મળે છે અને ગરીબાઈ, રોગ, કુરૂપતા વગેરે પ્રાપ્ત થાય છે.

૮) અંતરાય કર્મ :- જે કર્મને લીધે ભોગ-ઉપભોગમાં કે આત્માની અન્ય લબ્ધિ કે શક્તિમાં વિઘ્ન આવે છે તે અંતરાય કર્મ. તે કર્મ આત્માના અનંત આત્મિક શક્તિના ગુણને રોકે છે. જેમ રાજાની આજ્ઞા થઈ કે અમુક મનુષ્યને અમુક રકમ આપવી છતાં ભંડારી આવે ત્યારે જ તેને લાભની પ્રાપ્તિ થાય તેવી જ રીતે સત્તામાં તો સર્વ જીવોની પાસે સર્વ સુખો પ્રાપ્ત કરવાની શક્તિ છે, પરંતુ અંતરાય કર્મના ઉદયથી ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી શકાતી નથી. કોઈ દાન દેતું હોય તેમાં આડખીલીરૂપ બનવાથી, કોઈ લાભ મળતો હોય તો તે લાભ મળતો રોકવાથી, કોઈને ખાનપાન કરતા અટકાવવાથી, કોઈને ધર્મધ્યાન કરતા રોકવાથી વગેરેથી અંતરાય કર્મ બંધાય છે. આ કર્મને લીધે જીવાત્મા દાન લઈ શકતો નથી, લાભ મેળવી શકતો નથી, ભોગ અને ઉપભોગ ભોગવી શકતો નથી તેમ જ ધર્મની આરાધના કરી શકતો નથી.

આ આઠ કર્મોથી આત્મા જ્યાં સુધી સંયુક્ત અને સંબંધી રહે છે ત્યાં સુધી જીવાત્માનો પુનઃજન્મ થતો રહે છે અને

ભવભ્રમણના ચકરાવામાં ફરતો રહે છે. કર્મ બાંધતી વખતે જીવ કેટલો રસ લે છે, કેટલો આવેગ ધરાવે છે, તે વખતે એના મનના અધ્યવસાયો કેવા છે તેના પર કર્મ હળવું કે ભારે બંધાય તેનો આધાર રહે છે. તપ, સંયમ અને શુભભાવોથી પૂર્વે બાંધેલાં ભારે કર્મોનો ક્ષય કરી શકાય છે અથવા ઉપશાંત કરી શકાય છે. કેટલાંક કર્મો એવા ચીકણાં બંધાતાં હોય છે કે જે ઉદયમાં આવતાં ભોગવ્યાં વિના છૂટકો જ થતો નથી. એવાં કર્મોને નિકાચિત કર્મો કહેવામાં આવે છે. કર્મ બાંધતી વખતે આત્મા સ્વતંત્ર છે, પરંતુ ભોગવતી વખતે પરાધીન બને છે. માટે જૈન કર્મ સિદ્ધાંત તે પ્રારબ્ધવાદ નથી, પરંતુ પુરુષાર્થવાદ છે. પ્રચંડ પુરુષાર્થ વડે બાંધેલાં કર્મોનો ક્ષય કરી શકાય છે અને આત્મા કર્મરહિત બની મોક્ષમાર્ગ તરફ વેગથી ગતિ કરે છે. આપણે જોઈ ગયા છીએ કે તીર્થંકર ભગવંત પણ અવતાર લઈને નથી આવતા પણ તે પણ આપણી જેમ જ હોય છે કર્મથી લિપ્ત, પણ તે પ્રચંડ પુરુષાર્થ વડે કર્મનો ક્ષય કરી સિદ્ધ બની જાય છે. જૈન પણ તે પ્રચંડ પુરુષાર્થ વડે કર્મનો ક્ષય કરી સિદ્ધ બની જાય છે. જૈન ધર્મ માને જ છે કે દરેક જીવાત્મા પુરુષાર્થ કરી પરમપદ પામવાની લાયકાત ધરાવે છે.

પિરામિડ વાસ્તુ

■ મીનાક્ષી શેઠ

આગળના અંકમાં આપણે પિરામિડની એનર્જી કઈ રીતે કાર્ય કરે છે તે વિષે જાણ્યું. જીવનમાં સકારાત્મક ઊર્જાનું નિર્માણ કરી ચમત્કારિક પરિણામો લાવે છે. આગળ આપણે કહ્યું તેમ યોગ્ય માપથી બનેલા પિરામિડનું પ્રોગ્રામિંગ (સિદ્ધહસ્ત) બરાબર થવું જોઈએ, કેમકે યંત્રોને સિદ્ધ કરવા તેના પર જાપ, પૂજાવિધિ થાય છે, પથ્થરની મૂર્તિમાં પ્રતિષ્ઠા દ્વારા પ્રાણઊર્જાનો આવિર્ભાવ કરવામાં આવે છે તેવી રીતે પિરામિડમાં પણ ''ફા,મા'' એનર્જી દ્વારા ઊર્જાનો સંચાર કરવો જરૂરી બને છે. પ્રોગ્રામિંગ કર્યા વગરના પિરામિડથી મહત્તમ લાભ મેળવી શકાતો નથી. તો આજે આપણે અલગ અલગ 'પિરામિડ યંત્ર'ને કંઈ રીતે ઉપયોગમાં લઈ શકાય તે સમજીએ.

પાયરાકાર્ડ :- સૃષ્ટિમાં મનુષ્ય એક બુદ્ધિજીવી પ્રાણી છે. આજે જે પણ નવી નવી ટેકનૉલૉજી વિકસે છે તે મનુષ્યની બુદ્ધિને આભારી છે. કૉમ્પ્યુટર કે જે આ સદીની ચમત્કારિક શોધ ગણાય છે તે પણ મનુષ્ય દ્વારા જ બનાવાઈ છે ને એ જ મનુષ્ય જ્યારે પોતાની આગવી ઓળખ ભૂલી જાય કે આત્મવિશ્વાસ ગુમાવી બેસે ત્યારે હતાશ બની જાય છે અને નાની મુશ્કેલીઓમાં પણ હાર માનીને નિરાશાની ગર્તમાં ધકેલાઈ જાય છે.

આવા સંજોગોમાં પાયરાકાર્ડ મનુષ્યમાં નવા આત્મવિશ્વાસ અને હિંમતનું નિર્માણ કરે છે. ન્યુમરોલૉજી પ્રમાણે '૧થી ૯' નંબર છે અને દરેક નંબર દરેક ગ્રહો સાથે સંબંધ ધરાવે છે. વ્યક્તિના પૂર્વજન્મનાં કર્મો અનુસાર જન્મતારીખ મળતી હોય છે અને તે રીતે તેનું ભાગ્ય નિર્માણ થતું હોય છે. દરેક નંબરની પોતાની વિશેષતા હોય છે અને દરેક નંબર ઉપર પર્સનલ બુક લખી શકાય એટલા લક્ષણ હોય છે.

જ્યારે વ્યક્તિની જન્મતારીખમાં અમુક નંબર 'મિસિંગ' હોય ત્યારે એ નંબરની વિશેષતાનો લાભ વ્યક્તિને મળતો નથી અને એને સંબંધિત પ્રૉબ્લેમ ઉત્પન્ન થતા હોય છે.

પાયરાકાર્ડ એક એવું પિરામિડ યંત્ર છે જેમાં પિરામિડ, ક્રિસ્ટલ, કલરથેરેપી, ફામા યંત્ર, કોપર દરેકનો યોગ્ય રીતે સમન્વય થાય છે. આથી વ્યક્તિની જન્મતારીખ અનુસાર પાયરાકાર્ડ યંત્ર બનાવી શકાય છે જેમાં વ્યક્તિનો ફોટો, હસ્તાક્ષર લેવાય છે અને મિસિંગ નંબરને ઊર્જિત કરાય છે. વ્યક્તિના વ્યક્તિગત, શારીરિક અને માનસિક લેવલ પરનો વાસ્તુસુધાર થાય છે. આત્મવિશ્વાસ અને સદ્‌ભાગ્યનો સંચાર થાય છે. પાયરાકાર્ડ વ્યક્તિના અંદરથી બદલાવ લાવવાનું કાર્ય કરે છે. જેથી આરોગ્ય, સમૃદ્ધિ, યાદશક્તિ, એકાગ્રતા, સુખ, શાંતિ અને પ્રેમના દરવાજા ખોલે છે. વ્યક્તિનું પાયરાકાર્ડ બનાવવાથી તેમને દિવ્ય કૉસ્મિક એનર્જી મળવાનું ચાલુ થાય છે અને તેના દ્વારા ચમત્કારિક પરિણામ લાવી શકાય છે.

પાયરાફાયર - ગુરુજી ડૉ. જિતેન ભટ્ટ દ્વારા સંશોધિત પિરામિડમાં આ એક સર્વશ્રેષ્ઠ પિરામિડ યંત્ર ગણાય છે. બ્રહ્મસ્થાનનું મહત્ત્વ આપણે પહેલાં જાણ્યું હતું. પહેલાંના કાળમાં ઋષિમુનિઓ કોઈ પણ સદ્‌કાર્યની શરૂઆત કરતાં પહેલાં વાતાવરણને શુદ્ધ અને ઊર્જિત કરતા. તે માટે હોમ, હવન કરતા. શાસ્ત્રોમાં સૂર્યને પિતા તરીકે ગણવામાં આવે છે. અગ્નિ એક સૂર્યનું સ્વરૂપ છે. તેના દ્વારા વાતાવરણની શુદ્ધિ કરી અને નેગેટિવ ઊર્જાને પૉઝિટિવમાં પરિવર્તિત કરી શકાય છે.

પાયરાફાયરમાં પ્રોગ્રામિંગ કરીને રાખેલ કપૂરને પ્રજ્વલિત કરીએ ત્યારે તેમાંથી લાખો ફોટોન્સ વાતાવરણમાં પ્રસરી જાય છે અને થોડા સમયમાં આ ફોટોન્સ આપણી ઈચ્છાનુસાર કાર્ય કરવા લાગે છે. ઘરના બ્રહ્મસ્થાનમાં પાયરાફાયર કરવાથી ઘરની તમામ અશુદ્ધિઓ દૂર થાય છે અને નેગેટિવ એનર્જી ઘરમાંથી બહાર નીકળી જાય છે.

આ યંત્ર સાથે આઠ અલગ અલગ આકારનાં કોપર યંત્ર છે જે સફળતા, આરોગ્ય, સમૃદ્ધિ, સંવાદિતા, શાંતિ વધારવામાં ઉપયોગી થાય છે અને જેનાથી નકારાત્મક ઊર્જા, અવરોધ વગેરે દૂર કરી શકાય છે.

આમ અસાધારણ અને પૉઝિટિવ ફાયદા આપનાર પાયરાફાયર એક અદ્વિતીય અને અજોડ યંત્ર છે.

STUPID-We-Miss you !!!

■ કિરણ શાહ

આ લેખ લખવાની પ્રેરણા મને 'જાગૃતિ સંદેશ'ના માર્ચ મહિનાના એક લેખ ''હું નહીં હોઉં ત્યારે આ કામ કોણ કરશે? કેવું કરશે''માંથી મળી છે. શ્રી ઓજશ પાલનપુરીનો એક શેર છે:

''મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ
આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ'',

આનો જ Paradoxical શેર શ્રી ગની દહીંવાલાનો છે:

''જિન્દગીનો એ જ સાચેસાચો પડઘો છે ''ગની''
હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે''.

આપણે એવી જિન્દગી જીવવી જોઈએ કે લોકો કહે કે,

''વીતી ગઈ એ જિંદગી, પૂરી નથી થઈ,
માણસ ગયો તો શું થયું એની કથા તો છે ને''.

જિન્દગીમાં આપણે એવું કંઈક કરતા જઈએ કે મૃત્યુ સમયે આપણે વટથી કહી શકીએ, ''મારી પાછળ મારા નામને દફનાવી તો જુઓ..!''

સુદીર્ઘ જીવન એ ઈશ્વરની દેણ છે, પણ પૂર્ણ અને ફળદાયી જીવન એ તો આપણું સર્જન છે. જીવનને બદલવાની જરૂર નથી, જરૂર છે આપણા અભિગમને બદલવાની. જન્મ અને મૃત્યુનાં બે બિંદુઓ વચ્ચે જો માણસ માટે સૌથી સારું કોઈ કામ હોય તો તે માણસ થવાનું છે, જિંદગી માણવાનું છે. જન્મ અને મરણનો કોઈ ઈલાજ નથી, તો વચલો ગાળો જેટલો મણાય એટલો માણી લો. જિંદગીને સમજવાનો બહુ પ્રયત્ન નહીં કરતા, કારણકે એક કવિએ કહ્યું છે તેમ, ''જિંદગી મોનાલિસાનું સ્મિત છે, અર્થની પંચાતમાં પડતો નહીં.''

આપણે ફક્ત એટલું જ સમજવાનું છે કે જીવનનો હેતુ છે પ્રેમ, જીવનનો હેતુ છે સર્જન, જીવનનો હેતુ છે સમજણ, જીવનનો હેતુ છે સહયોગ.

(જૈન જાગૃતિમાં કદાચ જાગૃતિનો મતલબ પણ આજ છે.)

આપણે ફક્ત એટલું જ જોવાનું અને સમજવાનું કે આપણે જીવનના ભોગે જીવનઘોરણ પાછળ દોટ તો નથી મૂકતા ને? We have to see that we don't chase the life-style at the cost of life. કારણકે આજના આ સુપર ફાસ્ટ અને ફાસ્ટ ફૂડના જમાનામાં એક કવિએ કહ્યું છે એમ,

આપણી શાંતિ પણ કેટલી સિન્થેટિક?
આપણું મૌન પણ કેટલું સ્ટરિલાઈઝ્ડ?
આપણું એકાંત પણ કેટલું ઍન્ટિસેપ્ટિક?
આપણી ખલેલ પણ કેટલી ઈન્સ્ટંટ?
આપણું જીવન પણ કેટલું ફાસ્ટ?
અને આપણું મૃત્યુ પણ કેટલું સ્લો?

ટૂંકમાં આજના જીવનમાં નિખાલસતા અદૃશ્ય થઈ ગઈ છે. અહીંયાં બે નંબરની વાણી, બે નંબરનું સ્મિત, બે નંબરનાં આંસુ અને બે નંબરનું જીવન, કારણકે માણસ પેટ ભરીને ખાવું એટલું તો સમજે છે, પણ દિલ ભરીને જીવવું એટલે શું તે સમજતો નથી. જીવનની પણ એક અદા હોય છે ખાવું અને ખાઈ નાખવું એમાં જેટલો ફરક છે એટલો જ ફરક જીવવું અને અદાપૂર્વક જીવવું એમાં છે.

લોકો જેને ઈજ્જત કહે છે તે એક લોકપ્રિય બીમારી છે. માણસનું ખરું મહત્ત્વ એ છે કે પોતે બિનમહત્ત્વનો છે તે બાબત તે સમજે. આ પૃથ્વી પર કોઈના વગર કશું અટકી જતું નથી. તમે જેને ''ધુરંધર'' કહો છો તેઓ અંતે તો ''રાખનાં રમકડાં''જ છે. પુષ્પો ખીલતાં રહે છે, ખરતાં રહે છે, પણ પુષ્પતા કાયમ રહે છે.

(Graveyard is full of indispensible person)

માણસ અમુક મનોદશાનો ભોગ બને છે એમાં કેટલેક અંશે એ પોતે જવાબદાર છે. જીવનમાં આપણે આપણાં બણગાં ફૂંકીએ છીએ, આપણે આપણી જ આરતી ઉતારીએ છીએ, આપણે આપણી જ પ્રદક્ષિણા કરીએ છીએ, આપણે આપણાં જ ગીતો ગાઈએ છીએ, આપણે ટુકડે ટુકડે જીવીએ છીએ, ટુકડે ટુકડે મરીએ છીએ.

જીવન એ ફૂલગુલાબી રાજમાર્ગ નથી. અનેક રસ્તાઓ આડાઅવળા ફંટાઈ જાય છે અને ક્યારેક કોઈ ક્રોસ રોડ પર મળે છે તો ક્યારેક કોઈ ભૂલભુલામણીમાં ગુમ થઈ જાય છે.

જીવનમાં ખૂલ જા સીમ સીમ જેવી વાત બનતી નથી. ઘણા લોકો કહે છે જિંદગી એટલે એનાઉન્સમેન્ટની રાહ જોતા ઍરપોર્ટની લાઉંજમાં બેઠા હોઈએ તેવી અને આ અર્થમાં આપણા દરેકની સ્થિતિ સરખી જ છે, કારણકે આપણે બધા જ પ્રતિક્ષાલયમાં બેઠા બેઠા કોઈકની રાહ જોઈએ છીએ. આપણે એમ માનવાનું કે દુનિયાની

સરાઈમાં આપણે થોડી પળો માટે આશરો લીધો છે. આપણામાંથી અમુક જણ બ્રેકફાસ્ટ ખાઈને વિદાય લેશે, અમુક જણ લંચ પતાવીને, અમુક સાંજે નીકળી પડશે. રાત્રે ડિનર ટેબલ પર એકઠા થઈશું ત્યારે આપણામાંથી બહુ ઓછા જણ ત્યાં હાજર હશે, પરંતુ એ વાતનો રંજ ના કરશો, જે વહેલો જશે એ એટલું ઓછું બિલ ચૂકવશે. આ વિધાન સાંભળીને મને પેલું પ્યાસાનું ગીત યાદ આવે છે,

''દેખી જમાને કી યારી... બિછડે સભી બારી બારી...''

''ન ગાતી હૈ ન ગુનગુનાતી હૈ, મૌત આતી હૈ,
તો બસ ચૂપકે સે ચલી આતી હૈ''

આપણે એ સમજી લઈએ કે Parting is always sad because something is over – પ્રત્યેક વિદાય વખતે માણસે મોડે-વહેલે કે ઓછે-વત્તે અંશે પણ આંસુ પર સ્મિતનું કફન ઓઢાડવું જ પડે છે, કારણકે માણસ અંતે તો છે ''રાખનું રમકડું.''

અને એટલા માટે જ મારી એવી ઈચ્છા ખરી કે હું જ્યારે ન હોઉં – When I am no more-just Look AT THE SKY AND SAY "STUPID - We - Miss you."

લિ. કિરણ શાહ

''જીવનને લગતી મને ગમતી પંક્તિઓ''

જીવનની હકીકત પૂછો છો તો મૌત સુધીની રાહ જુઓ. જીવન તો અધૂરું પુસ્તક છે, જીવનનું વિવેચન કોણ કરે.

-સૈફ પાલનપુરી

''જિંદગી સે બસ ઈસ કે સિવા કયા ચાહિયે,
મૈં ભી સમઝતા રહું, ઔર વો ભી સમઝતી રહે.''
''લમ્હોં કિ એક કિતાબ હૈ જિંદગી
સાંસો ઔર ખયાલોં કા હિસાબ હૈ જિંદગી
કુછ જરૂરતે પૂરી, કુછ ખ્વાહિશે અધૂરી
બસ ઈન્હી સવાલોં કા જવાબ હૈ જિંદગી.''

Life consist not in holding good cards, But in playing well with those you hold-મારા હિસાબે તો સમય સારો હોય તો તીન પત્તી રમવાની, સમય ખરાબ હોય તો ઢગલાબાજી.

।। श्री भटेवाजी पार्श्वनाथाय नमः ।। (चाणस्मा)

फ्री होम डीलेवरी

खाखरा अने पुरी
मंगाओ घरे बेठां

Monday... to... Sunday...

PURI KHA☺☺☺ Everyday

KHAKHARA KHA☺☺☺ Everyday

Jeera Methi Palak ₹150/- Per Kg.

Minimum Order Accepted 1 Kg.

₹140/- Per Kg. Sada Jeera Masala Methi

FREE HOME DELIVERY ANYWHERE IN MUMBAI

nikhil sambhav FOODS MUMBAI

28919146
28926581
28958308
99 200 200 77
9930452102
9769768585

SUNDAY CLOSED

ADVT

એકદિવસ પીકનીક

વાઈટ પેકેજ સ્ટે

હર્ષગીરી લેક રીસોર્ટ

૨૦૦ એકરના નેચરલ ફાર્મ નુ મીની હિલ સ્ટેશન.....
શહાપુર પાસે (થાના થી ૬૦ કી. મી.)

HARSHGIRI The Village

આવો અને આનંદ માણો.....
લેકમાં બોટીંગ... મહાબળેશ્વર જેવું લીલીછમ વનરાઈ... માથેરાન જેવી વૉટરફૉલ્સ...લોનાવાલા જેવો ત્રણેનો આનંદ માણો...અમારે ત્યાં

• બોટીંગ • રેન ડાન્સ
• વૉટરફૉલ્સ
• સ્વીમીંગ પુલ
• ગેમ્સ • સ્વાદીષ્ટ ભોજન

ફેમીલી, સોસાયટી, ક્લબ, સોશીયલ ગ્રુપ, સ્ટાફ, મહીલામંડળ, સ્કુલ, કૉલેજ, કલાસીસ.... પીકનીક યાને વાઈટ સ્ટે માટે ઉત્તમ સ્થળ

હર્ષગીરી લેક રીસોર્ટ
૧૦૩, શંકર સાગર,૧૫હેલા માળે, ટેલી. એક્સચેન્જ ગલી,
(જીવદયા ગલી), એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વે) મુંબઈ- ૪૦૦ ૦૮૬
✆(૦૨૨) ૨૫૧૧ ૩૮૯૭ ટેલીફેક્સ : ૨૫૧૧ ૮૧૭૨
Email : harshgirilakeresort@rediffmail.com
Web : www.harshgirilakeresort.com

ADVT

શહાપુર-જૈન માનસ મંદિરમ્ ફક્ત ૧૬ કી.મી. ના અંતરે

આરોગ્ય

પીઠનો દુખાવો (UPPER BACK)

■ ડૉ. સોનલ મોતા

આધુનિક જમાનામાં મહાનગરોમાં ભાગ્યે જ કોઈ સ્ત્રી કે પુરુષ એવાં હશે કે જેને જીવન દરમિયાન ક્યારેય પીઠનો દુખાવો ન થયો હોય. આધુનિક સમયમાં દરેક વ્યક્તિ ભાગદોડની જિંદગી જીવે છે. આમાં ન તો વ્યાયામનો સમય છે કે ન કોઈ કામ શાંતિથી કરવાનો. સંપન્ન લોકોની પાસે સુખ-સગવડનાં આધુનિક સાધનો છે, તો મિડલ ક્લાસ લોકો માટે મહાનગરોમાં ટકી રહેવા સતત તણાવ-હાડમારીયુક્ત જીવન છે. આ બન્ને સ્થિતિ પીઠદર્દનું કારણ છે.

ઍરકન્ડિશન ઑફિસ, મોટી બૅન્કો, મોટા શો-રૂમોમાં બેસવાવાળી દસમાંથી આઠ વ્યક્તિની એક જ ફરિયાદ હોય છે કે મારી પીઠ અકડાયેલી રહે કે દુખે છે. એવી જ રીતે કિટી પાર્ટી કે સ્કૂલમાં છોકરાઓને છોડવા-મૂકવા આવતી માતાઓની પણ એ જ ફરિયાદ હોય છે કે મને પીઠનો દુખાવો છે.

આમાંથી ઘણા લોકોએ દુખાવાની સારવાર લીધી હશે, પરંતુ તેમને કોઈ દવા, ટ્રેક્શન, ઑપરેશન, વ્યાયામ કે સંપૂર્ણ આરામમાંથી કોઈ પણ ઈલાજ કારગત નીવડયો નહીં હોય. દુખાવો ત્યાં ને ત્યાં જ હશે, કારણ, શા માટે વર્ષોનાં સંશોધન બાદ પણ ડૉક્ટરો કરોડરજ્જુ અને તેની સાથે જોડાયેલા જ્ઞાનતંતુ અને વિવિધ વાહિનોએ સમજવામાં ઊણા ઊતર્યા છે. તે ઉપરાંત મોટા ભાગના અનુભવી ડૉક્ટરોએ સ્વીકાર કરેલો છે કે પીઠના દુખાવાના ૫૦% જેટલા કિસ્સાઓમાં દુખાવાનું કારણ શારીરિક નહીં, પણ માનસિક હોય છે.

સૌથી પહેલાં દુખાવો એટલે શું એ જાણીએ. આપણામાંથી ઘણા લોકોને અનુભવ થયો હશે. કોઈ પણ ભારે વસ્તુ આપણાં આંગળાં પર પડતાં આપણા મોટામાંથી ચીસ નીકળી જતી હોય છે. પછી આપણે આંગળીને બીજા હાથ-પગની આંગળીઓથી હળવે દબાવી કે મસાજ આપીએ છીએ અને ધીમેધીમે આંગળીનો દુખાવો ઓછો થાય છે. હવે આમાં દુખાવો થવાનું કારણ રક્તવાહિની પર માર લાગવાથી દબાણ આવ્યું, એટલે રક્તનો પુરવઠો ખોરવાઈ ગયો. મસાજ અને મસળવાથી રક્તસંચાર ચાલુ થયો, એટલે દુખાવો ઓછો થયો. દુખાવો એટલે એ ભાગમાં રક્તનું ભ્રમણ ઓછું થવું. વાચક મિત્રો, હવે તમે દુખાવાની પરિભાષા સમજી શક્યા હશો.

હજારો દર્દીઓને પીઠના દુખાવાથી મુક્ત કરેલો મારો અનુભવ બધી સારવાર-પથીઓથી અલગ છે. પીઠના દુખાવાનાં કારણો આંતરિક અને બાહ્ય. આંતરિકમાં અવયવો, ફેફસાંમાં કફનો ભરાવો, સૂકી ખાંસી, સ્નાયુનો સોજો, માર લાગવો, ટી.બી., અસ્થમા, સોલ્ડર બ્લેડમાં નસ દબાવી, મણકા અંદરથી ખવાઈ જવા, કૅન્સર, પોલ્યુશન, હાર્ટની તકલીફો, ડાયાબિટીસ, સ્પોન્ડિલાઈટીસ, ફ્રોઝન સોલ્ડર, અપૂરતી ઊંઘ, કૅલ્શિયમની ઊણપ, ડિપ્રેશન, માયગ્રેન, હાઈ બ્લડપ્રેસર, ગુસ્સો, હતાશા, પોશ્ચરમાં ફેરફાર, ઓવરવેઈટ વગેરે.

બાહ્ય કારણો જોવાં જઈએ તો, ખોટી સૂવા-બેસવાની રીતો, ખોટી કસરતો, વધારેપડતું પીઠ પર વજન ઉપાડવું, એક્સિડન્ટ, ટુ વીલરના જર્ક, સ્મોકિંગ.

આ રોગમાં કોણ સપડાય ? આમ તો પીઠના દુખાવાથી પીડાતી વ્યક્તિ સમાજના ગમે તે સ્તરની હોઈ શકે છે. આમ છતાં એમાંના મોટા ભાગના એવા લોકો હોય છે, જેઓને નીચા નમીને અથવા સતત એક જ સ્થિતિમાં બેસીને કામ કરવું પડે છે. કૉમ્પ્યુટર પર કલાકો સુધી બેસવાવાળા, ટાઈપિસ્ટ, વાંકા વળીને ઑપરેશન કરનારા સર્જ્યન, વાહનચાલક, ટેબલ પર વાંકા વળીને કામ કરનારાઓ, સતત ટીવી સિરિયલો જોનારા, રસોઈઘરમાં એકધારું કામ કરનાર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટ, ડાયમંડ એસોર્ટર, બૅન્ક કૅશિયર, ઍર હૉસ્ટેસ, વિદ્યાર્થીઓ, ઊંચી એડીના સેંડલ પહેરનાર મહિલાઓ, દરજી, એમ્બ્રોઈડરીના કારીગર, પરોણીગર, મોબાઈલ પર સતત વાત કરનાર, ઍક્ટ્રેસ, મૉડેલ, સ્પોર્ટ્સમૅન, લેખકો, વગેરે.

તકેદારી : સૌથી પહેલાં પૂરતા પ્રમાણમાં ઊંઘ લો, મૉર્નિંગ વૉક શરૂ કરી દો, મનગમતું સંગીત સાંભળો, ભારે-વાયડા ખોરાક બંધ કરો.

પ્રાણાયામ, સ્ટીમબાથ, શવાસન, હળવા હાથે મસાજ કરાવો. ચેંજ માટે થોડા દિવસ હિલ સ્ટેશન પર જાઓ. સ્પોર્ટ્સમાં ટેનિસ/વૉલીબૉલ રમવાનું શરૂ કરો અને તમારી રીતે જુઓ દુખાવો કેટલો ઓછો થયો. આટલું કર્યા છતાં દુખાવો રહે તો ક્યાં થાય છે એ દુખાવો માર્ક કરો. સારા ફિઝિશિયનની સલાહ લો. અથવા આર્થોપેડિક ડૉક્ટરને બતાવો. પાકું નિદાન કરાવો કે દુખાવો શાને લીધે થાય છે. કરોડ રૂપિયાની કરોડરજ્જુ ગમે તેના હાથમાં સોંપતાં પહેલાં વિચાર કરજો.

સારવારઃ આ રોગમાં વ્યવસ્થિત રીતે નિદાન થવું જરૂરી છે. નિદાન વગર સારવાર કરવી એ અંધારામાં તીર ચલાવવા બરાબર છે. આપણે લોકો બીજાઓની સલાહ માથે ચડાવીને આપણી પર અખતરા કરીએ છીએ એ જ આપણી મોટી ભૂલ છે. બહુ ઓછા લોકો જન્મતા જ દુખાવા લઈને પેદા થયા હશે.

હરએક રોગ-દુખાવાના સર્જક આપણે પોતે છીએ. આ

રોગમાં વધારેપડતા કેસોમાં અવયવોની ખરાબી સૂવા-બેસવા-ઊઠવા તથા ખાવા-પીવાની અયોગ્ય રીતભાતને કારણે, પોશ્ચર ચેંજ થવાને કારણે, સરવાઈકલના ત્રીજાથી લઈને સાતમા મણકા સુધી અને સોરાઈસીસના પહેલાથી લઈને પાંચમા મણકા સુધી મણકાઓ ડીસલોકેશન થઈ જતા હોય છે. મણકાઓ ડીસલોકેશનને કારણે એનું દબાણ ગાદી પર પડે છે. ગાદી-મણકાનું પ્રેસર રક્તવાહિનીઓ પર પડે છે. એને લીધે દુખાવો થાય છે. જ્યાં સુધી મણકાઓ એની સહી જગ્યા પર આપણે બેસાડતા નથી ત્યાં સુધી આ રોગમાં રિઝલ્ટ મળતું નથી. આમાં સૌથી વધારે સારું રિઝલ્ટ ડીપ ટીસ્યુ નર્વસ વાયબ્રેટિંગ મસાજથી મળે છે. મસાજથી નેક-બેકના મસલ્સને રિલેક્સ કરી મણકાઓને એમની મૂળ જગ્યા પર બેસાડવા પડે છે. આ મસાજ ફક્ત અનુભવી ફિઝિયોથેરપિસ્ટ ઓસ્ટીઓપેથ ડૉક્ટર કે પછી અનુભવી બોન સેટરો (હાડવૈદ્ય) આપી શકતા હોય છે. ઘણા કેસોમાં ગરદનનો પટ્ટો પહેરવો પડે છે. તો ઘણા કેસો ટ્રેક્શનથી સારા થાય છે.

નોંધ : આપશ્રી આ દુખાવા માટે પ્રચલિત બધી પથીઓની સારવાર લઈ ચૂક્યા છો, છતાં તમો સારા થયા નથી. એમાં નિરાશ થવાનું કારણ નથી. અમે તમારા દુખાવાને સમજી શકીએ છીએ. આપશ્રીને ફક્ત જરૂર છે યોગ્ય નિદાન અને સારવારની, જેનાથી તમો સંપૂર્ણ સારા થઈને આ દુનિયામાં મુક્ત રીતે હરીફરી શકો. ઈશ્વર બધાને તંદુરસ્ત રાખે એવી મારા અંતરની ઈચ્છા છે.

કમરના દુખાવાનાં જોખમી લક્ષણો ક્યાં ?

ડૉ. સોનલ મોતા

મહાનગરોમાં રહેતા શહેરીજનોનાં દરેક કુટુંબમાં એક વ્યક્તિ ડૉક્ટર હોય છે. ઘરની કોઈ પણ વ્યક્તિને જરા જેવો દુખાવો ઊપડયો એટલે તરત જ પેઈનકિલરે ગોળીની સલાહ આપી દેતા હોય છે. ત્યાં સુધી તો ઠીક છે, પણ ઘણા એવાય દુખાવા હોય છે જ્યાં પેઈન કિલર ગોળી આપવી હિતાવહ નથી હોતી, જેવી રીતે કમરનો દુખાવો જેવો ઉપડે કે તરત જ ગોળી આપવી, કે ટાયકિયું ફોડવું કે કોઈ માણસ પાસેથી લાત મરાવવી એ ઘાતક છે. આ જ કારણે કમરનાં દર્દીને કેંન્સરના રોગી જેવી પીડા ભોગવવાનો વખત આવે છે.

કમરના દુખાવાને ક્યારે સિરિયસલી ગણવો એ એક મહત્ત્વનો મુદ્દો છે. કમરના દર્દથી પીડાતા લોકો માટે દુખાવો ગંભીર સમસ્યા બની જતી હોય છે, પરંતુ દુખાવા ગંભીર મેડિકલ કારણ હોઈ શકે. દુખાવો સખત થતો હોય કે સામાન્ય, પરંતુ તેમાં ચેતવણીરૂપ કેટલાંક લક્ષણો જોવાં મળે ત્યારે તેને સિરિયસલી લેવાં જરૂરી છે. તેના માટે તપાસ કરાવી ખાસ પ્રકારની સારવાર કરાવવી પડે છે.

૧) દુખાવો ૨૦ વરસની ઉંમર પહેલાં અથવા તો પંચાવન પછી દુખાવો થાય ત્યારે

૨) મોટી-ગંભીર ઈજાઓ જેવી કે વાહન અકસ્માત, પડી જવું, રમત-ગમતમાં થતી ઈજાઓ

૩) દુખાવો પગની તરફ આગળ વધતો જાય

૪) પગમાં ખાલી ચડતી હોય, ઝણઝણાટી થતી હોય

૫) પગના અમુક હિસ્સામાં સંવેદના ન થતી હોય

૬) પગમાં નબળાઈ લાગતી હોય બેલેન્સ જળવાતું ન હોય

૭) પેશાબ અને મળપ્રવૃત્તિ પર કાબૂ ન રહેતો હોય

૮) દુખાવો સતત રહેતો હોય, હલન-ચલન સાથે સંબંધ ન હોય

૯) દુખાવો કમરના ઉપરના ભાગે પણ થાય અને છાતીમાં પણ થાય

૧૦) દુખાવો રાત્રે વધતો હોય અને સૂતા હોઈએ ત્યારે પણ

૧૧) કોઈ પણ કારણ વગર તાવ રહેતો હોય

૧૨) પાંચ કિલો અથવા તેથી વધારે વજન ઓછું થઈ જવું

૧૩) અગાઉ કેંન્સરનું નિદાન થયેલું હોય

૧૪) ઉધરસ કે છીંક ખાતી વખતે દુખાવો વધી જાય

૧૫) એક કે બન્ને પગમાં ઉપરથી નીચે સુધી દુખાવો ફરતો અનુભવાય

૧૬) દુખાવાને કારણે ઊંઘ ઊડી જાય

૧૭) પેશાબ કરતી વખતે તકલીફ અનુભવાય

૧૮) કમરનો દુખાવો એકાએક ઊપડે ત્યારે મૂત્રપિંડ કે નલિકામાં પથરી હોય

૧૯) હોજરી અને આંતરડાં વચ્ચે ચાંદાં પડી ગયાં હોય

૨૦) દેશી ટોયલેટમાં બેસીને ઊભા થઈએ ત્યારે

૨૧) થોડી વાર ઊભા રહેવામાં આવે તો કમરમાં અસહ્ય દુખાવો થાય

૨૨) પથારીમાં પડખું બદલતા જીવ નીકળી જાય ઊભા થઈને બાથરૂમ સુધી જતાં તો જીવ અધ્ધર થઈ જાય. આંખમાંથી આંસુ અને મોંમાંથી ઓહ માની ચીસ નીકળી જાય તેવી અસહ્ય પીડા.

ઉપરોક્ત એક અથવા વધુ લક્ષણો મળે ત્યારે સંબંધિત નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેવી જરૂરી બને છે, પરંતુ જો ઉપરોક્ત કોઈ લક્ષણ જોવા ન મળે અને કમરનો દુખાવો હોય, ત્યારે ચિંતા જેવું કોઈ કારણ નથી. કેટલીક વખત દુખાવો પોતાની મેળે જ મટી જતો હોય છે.

BIO-DATA

Name : **SANKET SHETH**

Birth : 10.58 a.m. Day Monday

Date : 13 October 1986 Place Ghatkopar, Mumbai

Height : 5'-11" Weight 72 kgs

Religion : Jain (Sthanakvasi Dashashrimali)

Education : Master in Computer Science, Arizona State University (August 2008 - May 2010)

Bachelor in Computer Engineering, Mumbai University (August 2004 - May 2008)

Doctorate in Alternate Medicine - Nature Cure

Phone : **9619521206** * Email : sanketsheth1@gmail.com

Business : CEO, **Elixia Tech Solutions Pvt. Ltd.,** Mumbai, India (Oct 1, 2011-Present)

Software Engineer, **Ubiquia,** AZ, USA (June 1, 2010-Sep 30, 2011)

Office : 63, Rambhuvan, Floor 1, 108/110, Dadasaheb Phalke Road, Dadar C. R., Mumbai

Interest : Technology, Listening to Music, Reading Books, Playing Musical Instruments, Indulging in Adventurous Sports, Travelling and Exploring new places, Social Networking, Trekking.

Family Business : **Stock Market Membership** (NSE, BSE, NCDEX, MCX, MULTIPLE)

MNS Securities Limited — Global Worth Securities Limited

Outspeed Securities Limited — MHS Finstock Limited

Financial Consultancy Services — **Security Business**

Kuber Wealth Management Services P. L. — Kuber Safe Vaults Limited

Malde & Sheth

Real Estate : Adinath Properties * MS Village Home Concept Pvt. Ltd.

Father : **Dr. Mukund Ratilal Sheth -** B.Com. (Hons), LLB. (Gen), F.C.A. N.D.

Trustee, Manas Mandiram - Shahapur

Phone : **9821554022**, **8007405253** Email : **mukundsheth@yahoo.com**

Mother : **Harsha Mukund Sheth**

Residence : 'Mukund', B-5/140, Rajawadi Colony, Ghatkopar (East), Mumbai - 400 077.

Phone : **21027234, 21026334**

Trustee, Smt. Harsha Mukund Sheth New English School, Shahapur (Government of Maharashtra Recognized English Medium School)

Brother : **Mickin Mukund Sheth** - B.Com. (Hons), F.C.A.

B.O.D., Lions Club of Vidyavihar & Committee Member : Jolly Gymkhana, Mumbai, Phone : **9322282529** Email : **mickin_s@hotmail.com**

Sister-in-law: **Honey Mickin Sheth** (D/o Vinodrai H. Batavia-Ville Parle, Native-Dhoraji)

Native : Late Ratilal Dalichand Sheth, Wankaner, Gujarat

Mosal : Late Jayantilal Chhotalal Sheth, Limbadi (Maternal uncles are currently staying at Thane)

BIO-DATA

Name : **DHAVAL S. MEHTA**
Residence : 205, Harganga Mahal Annex, Dr. B. Ambedkar Road, Dadar TT, Mumbai-400 014. Tel.: 022-24142438
E-mail : dhav.mehta@gmail.com
BD/BP/BT : 23-2-1987 / 10.13 a.m. / Ghatkopar-Mumbai
Height : 5'-10"
Caste : Machukantha Vishashrimali Deravasi Jain
Native : Morbi
Education : B.Com., S.I.E.S. College of Commerce and Economics, P.G.D.M. (Finance), FLAME School of Business
Profession : Assistant Manager, Business Development of Reliance Cement Company Private Limited
Gr. Father : Shri Mohanlal Karsanji Mehta
Gr. Mother : Gunvantiben Mohanlal Mehta
Father : Shaileshkumar Mohanlal Mehta (Entrepreneur)
Mother : Rita Shaileshkumar Mehta (House-Wife)
Sister : Forum Shaileshkumar Mehta (Pursuing B.F.A.)
Mosal : Pravinchandra Maganlal Gholani (Jodiya-Jamnagar Vishashrimali)
Father's Business : Mehta's Collection, Dr. B. Ambedkar Road, Dadar T.T., Mumbai-400 014. Tel.: 022-24143833 ADVT

(Retail Showroom-Readymade Men's Wear)

કન્યા જોઈએ છે

નવી મુંબઈ (પનવેલ)સ્થિત ગુજરાતી દેરાવાસી સાધારણ જૈન પરિવાર (નાનું ફેમિલી)ને પોતાના કુંવારા (દેખાવડા), હોશિયાર સુપુત્ર ઉંમર ૨૫, હાઈટ ૫'-૬'', વજન કિલો ૬૦, ગ્રેજ્યુએટ, બી.કૉમ., (ઇંગ્લિશ મિડિયમ) સર્વિસ – પ્રોફેશનલ એક્ઝિક્યુટિવ માટે જૈન કે અન્ય ઉચ્ચ જ્ઞાતિની સુંદર, સંસ્કારી, ઘરરખ્ખુ, ગૃહકાર્યમાં કુશળ એવી કન્યા કે તેના વડીલો દ્વારા સંપર્ક આવકાર્ય છે. સાધારણ પરિવાર કે ઓછું ભણતર ચાલશે (લગ્ન સાદાઈથી, દહેજ નહીં.)

ADVT

કૉન્ટેક મોબાઈલ નં.: ૮૧૦૮૫૯૯૮૮૬

Email : bestmatch1986@gmail.com

લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

લગ્નઈચ્છુક યુવક-યુવતીઓની યાદીમાં છપાવવા માટે નામ મોકલનાર વડીલોને ખાસ વિનંતી કે BIO-DATAમાં મોકલનારનું નામ, સહી તેમ જ ફોન નંબર/મોબાઈલ નંબર સ્વચ્છ અક્ષરમાં મોકલે. જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડની ઑફિસ દ્વારા તેઓનો સંપર્ક ટેલિફોન દ્વારા થયા બાદ જ તેમની વિગત ''જાગૃતિ સંદેશ''માં છાપવામાં આવશે. BIO-DATA મોડામાં મોડા દરેક મહિનાની ૩૦ તારીખ સુધીમાં ઑફિસમાં મળી જવો જોઈએ. મોડી Entry ત્યાર પછીના અંકમાં છાપવામાં આવશે.

યુવતી

નં.	નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય	ધર્મ, મૂળ વતન, હાલ	સંપર્ક
૧)	ઝંખના ગિરીશભાઈ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'-૩'' C.A., – સર્વિસ	દશા શ્રીમાળી સ્થા. જૈન માંગરોળ – મુલુંડ	(ઘર) ૨૧૬૪૩૯૫૪ (મો) ૯૮૬૯૪૮૩૯૫૪
૨)	ભૂમિકા સુધીરચંદ્ર શાહ, ૨૦-૧-૧૯૮૫, ૫'-૩'' M.Com., C.A., – સર્વિસ	દેરાવાસી જૈન ભરૂચ – અંધેરી (વે)	(ઘર) ૨૬૭૭૬૨૭૫ (મો) ૯૮૭૦૦૮૦૨૮૯
૩)	દીપા દિનેશભાઈ મહેતા, ૪-૧૧-૧૯૭૬, ૫'-૪'' B.Com., – સર્વિસ	દશા શ્રીમાળી દેરા. જૈન મોરબી – કાંદિવલી	(ઘર) ૨૮૦૫૨૭૩૪ (મો) ૯૮૨૦૦૪૪૩૭૩
૪)	દીપ્તિ શશિકાંત શેઠ, ૧૬-૭-૧૯૮૭, ૫'-૪'' C.S., L.L.B., – સર્વિસ (હળવો શનિ છે)	દશા શ્રીમાળી સ્થા. જૈન ભોકારવા – કાંદિવલી	(ઘર) ૨૮૬૧૯૭૩૮ (મો) ૯૩૨૨૨૪૦૭૫૦
૫)	દિશા સુમંતલાલ શાહ, ૧-૬-૧૯૮૬, ૫'-૬'' M.Com., C.A., – PWC, Mumbaiમાં સર્વિસ	શ્વે. મૂ. પૂ. દેરા. જૈન વડોદરા – નવી મુંબઈ	— (મો) ૯૮૨૧૧૬૪૩૦૧
૬)	હેતલ સતીશભાઈ બજરિયા, ૧૫-૧-૧૯૮૭, ૫'-૪'' M.Com. & Other Diploma, –	દશા શ્રીમાળી સ્થા. જૈન બગસરા – ઘાટકોપર	(ઘર) ૨૫૦૧૧૮૦૪ (મો) ૯૮૨૦૨૦૯૦૬૨
૭)	જલ્પા જયકાંતભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૪'' B.Com. (Hons.), – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે)	ઘોઘા. વીસા શ્રીમાળી જૈન શિહોર – ગોરેગામ	(ઘર) ૨૮૭૫૭૫૩૫ (મો) ૯૩૨૩૩૩૪૩૦૭
૮)	જિજ્ઞા ચંદ્રકાંતભાઈ નગરિયા, ૨૧-૯-૧૯૮૦, ૫'-૪'' B.Com., – સર્વિસ (નિર્દોષ છૂટાછેડા)	દશ્રા શ્રીમાળી દેરા. જૈન લાઠી – ઘાટકોપર (વે)	(ઘર) ૨૫૧૫૧૧૮૩ (મો) ૯૩૨૩૨૦૨૦૦૨
૯)	કિંજલ પંકજભાઈ શાહ, ૧૬-૭-૧૯૮૫, ૫'-૫'' T.Y.B.Com., – સર્વિસ (દહેજ માટે પાંચ મહિનામાં જ છૂટા થયા હતા)	દેરાવાસી જૈન પાલનપુર – મુંબઈ	(મો) ૯૮૩૩૫૨૩૭૯૯ ૯૮૩૩૦૨૧૬૬૫
૧૦)	કેશા હર્ષદભાઈ શાહ, ૨૧-૨-૧૯૮૬, ૫'-૨'' B.Com., MBA Finance – સર્વિસ (વિધવા-લગ્નજીવન ૪ મહિના)	દશા શ્રીમાળી દેરા. જૈન વલ્લભીપુર – હૈદરાબાદ	— (મો) ૦૯૮૮૫૮૨૪૧૩૫
૧૧)	નિરાલી નયનભાઈ મહેતા, ૩૧-૩-૧૯૮૬, ૫'-૫'' B.E., –	દશા શ્રીમાળી દેરા. જૈન ભાવનગર – અમરાવતી	(મો) ૦૯૮૨૩૦૨૨૬૦૦ ૦૭૨૧૨૬૬૦૭૦૯
૧૨)	શીતલ અરવિંદભાઈ કોઠારી, ૩૧-૧૦-૧૯૭૯, ૫'-૩'' B.Com., – (છૂટાછેડા-૭ વર્ષનો દીકરો સાથે છે)	દશા શ્રીમાળી સ્થા. જૈન દામનગર – કાંદિવલી	(મો) ૯૨૨૪૬૯૦૪૩૮ ૯૨૨૪૧૯૦૨૯૦
૧૩)	ટ્વિંકલ ભરતભાઈ શાહ, ૧૩-૯-૧૯૮૫, ૫'-૩'' C.A., – સર્વિસ	ઘોઘારી વીસા ઓસ. જૈન સિહોર – બોરીવલી (વે)	(ઘર) ૨૮૦૭૬૮૨૪ (મો) ૯૩૨૩૧૨૧૫૬૩

૧૪)	દીપ્તિ ભુપતરાય ઠોસાણી, ૨૯-૫-૧૯૮૧, ૫'-૨'' B.Com.+Compute Telly Pursuing MBA, – સર્વિસ	દશા શ્રીમાળી સ્થા. જૈન સાવરકુંડલા – મલાડ	(ઘર) ૨૮૮૩૦૩૦૮૨૭/૨૧૧૪ (મો) ૯૬૧૯૭૦૭૪૯૪
૧૫)	સપના પ્રવીણભાઈ દોશી (૧૭-૧૧-૧૯૮૫) ૫'-૨'' M.Com., – સર્વિસ (વોડાફોન લિ.)	દશા શ્રીમાળી સ્થા. જૈન મોરબી – ઘાટકોપર	(ઘર) ૨૫૦૧૧૬૧૬ (મો) ૯૮૨૧૩૦૯૬૩૨
૧૬)	પાયલ વિજયભાઈ ઝવેરી, ૧૭-૪-૧૯૮૧, ૫'-૪'' B.Com., M.B.A., INIFD Pre for USA, – (ઘર-૨૪૯૮૫૭૮૭)	વીસા શ્રીમાળી દેરા. જૈન પાટણ – વરલી (મુંબઈ)	(ઑ) ૨૪૯૮૫૭૮૭ (મો) ૯૮૯૨૯૬૬૭૭૯

યુવક

૧)	અમિત નરેશભાઈ શાહ, ૧૦-૧૧-૧૯૮૧, ૫'-૭'' B.Com., – સર્વિસ	વી. ઓ. મૂ. પૂ. દે. જૈન પાલનપુર – બોરીવલી (વે)	(મો) ૦૮૮૨૮૧૨૧૧૬૯ ૯૩૨૦૮૭૪૯૧૧
૨)	અંકિત પ્રમોદભાઈ શાહ, ૧૪-૩-૧૯૮૬, ૫'-૧૦'' M.Com., M.B.A. Finance – બિઝનેસ	સત્તા. વીસા પોર. દેરા. જૈન બીલીમોરા – સાંતાક્રુઝ (વે)	(ઘર) ૨૬૧૨૮૬૭૪ (ઑ) ૨૨૦૬૬૨૩૬
૩)	ભાવિન જનકભાઈ શાહ, ૨-૪-૧૯૮૬ ૫'-૬'' B.Com., CFA, – સર્વિસ (મંગળ + શનિ છે)	વીસા શ્રીમાળી જૈન પાટણ – મુંબઈ	(ઘર) ૨૬૨૮૭૧૦૮ (મો) ૯૯૨૦૪૨૫૪૭૧
૪)	ચેતન પી. ભારખડા ૩-૯-૧૯૭૪, ૫'-૮'' B.Com. & Other Diploma, – સર્વિસ	વૈષ્ણવ (વાંઝા) હાલ સાંતાક્રુઝ	— (મો) ૯૮૩૩૯૧૩૭૦૩
૫)	ચિંતન જયંતભાઈ શેઠ, ૧૯-૧૨-૧૯૮૫, ૬'-૦'' B.E.Civil, M.S.(Structures), M.S.(Const Mgm) – બિઝનેસ	દશા શ્રીમાળી સ્થા. જૈન સાયલા – ઘાટકોપર	(ઘર) ૨૫૧૬૬૯૭૩ (મો) ૯૮૧૯૮૫૩૩૬૧
૬)	દર્શન ગિરીશભાઈ બારભાયા, ૧૨-૮-૧૯૮૭, ૫'-૮'' B.Com., – બિઝનેસ	ઝા. વી. શ્રી. શ્વે. મૂ. જૈન સુરેન્દ્રનગર-મુંબઈ	(ઘર) ૨૫૦૦૪૩૮૯ (ઑ) ૨૫૦૦૪૩૯૧
૭)	ધવલ અશ્વિનભાઈ કોઠારી, ૨૫-૬-૧૯૮૩, ૫'-૬'' B.A., – બજાજ કંપનીમાં સર્વિસ	દશા શ્રીમાળી સ્થા. જૈન હાલ ઉપલેટા	(ઘર) ૯૫૨૮૨૬-૨૨૪૮૧૮ —
૮)	હિમાન્શુ નવીનચંદ્ર શાહ, ૫-૬-૧૯૭૩, ૫'-૬'' S.Y.J.C., – સર્વિસ (મંગળ છે)	વીસા ઓસવાલ જૈન વડનગર – વિલે પાર્લે	(મો) ૯૮૩૩૩૯૫૬૦૪ —
૯)	હિતેષ મહેન્દ્રકુમાર શાહ, ૩૧-૮-૧૯૭૮, ૫'-૩.૫'' B.Com., – બિઝનેસ (મો: ૯૮૨૦૩૭૩૧૦૨)	દશા ઓસવાલ શ્વે. જૈન પાટણ – મલાડ	(ઘર) ૨૩૪૧૫૪૦૩ (મો) ૯૧૭૨૦૬૧૧૧૬
૧૦)	જિગર પન્નાલાલ શાહ, ૧૩-૭-૧૯૭૬, ૫'-૮'' S.Y.B.Com., – બિઝનેસ (ત્રણ મહિનામાં નિર્દોષ છૂટાછેડા)	વીસા શ્રીમાળી દેરા. જૈન ટિકર – બોરીવલી (વે)	(ઘર) ૨૮૦૫૫૩૬૯ (મો) ૯૯૨૦૦૩૩૩૬૮
૧૧)	જિંગલ જયેશભાઈ પટ્ટણી, ૧૫-૧૦-૧૯૮૩, T.Y.B.Com., – એકાઉન્ટન્ટ	ઘો. વી. ઓ. દેરા. જૈન સિહોર – તાડદેવ	(ઘર) ૨૩૮૦૫૭૫૩ (મો) ૯૮૬૯૦૬૮૬૪૧
૧૨)	કેયુર શશિકાંત શાહ, ૭-૮-૧૯૮૩, ૬'-૦'' T.Y.B.Com., – સર્વિસ (મો: ૯૮૧૯૯૪૬૬૯૩)	ઘોઘારી વીસા શ્રીમાળી જૈન કોલિયાક – દહિસર	(ઘર) ૨૮૪૮૦૩૨૭ ૪૦૧૪૭૭૨૨

૧૩)	કુણાલ દીપકભાઈ સરવૈયા, ૩૧-૩-૧૯૮૨, ૫'-૯'' B.Com., – બિઝનેસ (મો. ૯૮૨૦૩૨૨૦૬૪, ૯૮૧૯૪૮૭૭૫૫)	ઘોઘા. દશા શ્રી. શ્વે. જૈન થોરડી – ઘાટકોપર	(ઘર) ૨૫૦૬૫૩૬૫ (ઑ) ૬૫૧૫૯૯૯૧
૧૪)	મનીષ મનસુખલાલ ચંદરિયા, ૨-૧-૧૯૭૭, ૫'-૮'' B.Com., Computer – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે)	હા. વી. ઓ. જૈન-જામનગર રાવલસર – ભિવંડી	(ઘર) ૦૨૫૨૨૨૨૩૧૬૩ —
૧૫)	મિહિર ચંદ્રવદન મહેતા, ૧૫-૯-૧૯૮૫, ૫'-૬'' B.Com., DFM – બિઝનેસ	મચ્છુકાંઠા વીસા શ્રી. દેરા. જૈન વાંકાનેર – બોરીવલી (વે)	(ઘર) ૨૮૯૪૨૦૨૦ (મો) ૯૮૨૦૯૩૬૨૦૭
૧૬)	મિહિર મનીત શ્રોફ, ૨૬-૨-૧૯૮૩, ૫'-૧૧'' B.E., M.S., – સર્વિસ	— હાલ ગિરગામ (મુંબઈ)	(ઘર) ૨૩૮૮૯૫૩૬ —
૧૭)	નીરજ રાજેન્દ્રકુમાર કોઠારી, ૪-૧૨-૧૯૮૩, ૫'-૯'' B.Com., DTLP, – બિઝનેસ (હર્ષદ ફાસ્ટ ફૂડ)	હાલ ઉપલેટા	(મો) ૯૩૭૪૧૭૯૧૪૪ ૯૩૭૭૧૪૧૮૭૫
૧૮)	પીયૂષ પ્રેમચંદ શાહ, ૨-૧-૧૯૭૮, ૫'-૪'' C.A.,– સર્વિસ (સગપણ તૂટેલ છે-શનિ છે) મો. ૯૮૨૦૮૫૯૦૩૯	હા. વી. ઓ. જૈન-જામનગર તરધરી દેવરિયા-અંધેરી	(ઘર) ૨૬૮૩૯૯૮૧ (ઑ) ૨૮૨૧૪૬૬૯
૧૯)	પ્રતીક મહેન્દ્રકુમાર શાહ, ૨૯-૧૧-૧૯૮૩, ૫'-૭'' BE, MS, MBA, – સર્વિસ + બિઝનેસ	વીસા પોરવાલ દેરા. જૈન બારડોલી – મુંબઈ	(ઘર) ૨૨૪૨૦૩૨૦ (મો) ૯૮૩૩૭૯૯૬૮૮
૨૦)	પ્રતીક પ્રવીણભાઈ શાહ, ૨૨-૧૧-૧૯૮૧, ૫'-૬'' FYJC – સર્વિસ	વિજાપુર ૨૭ વી. શ્રી. જૈન લોદરા – અંધેરી	(ઘર) ૨૬૮૩૫૩૮૬ (મો) ૯૩૨૩૩૨૫૩૧૨
૨૧)	સાગર ભરતભાઈ મહેતા, ૪-૨-૧૯૮૪, ૫'-૭'' B.E. (Ele. & Tele.) – સર્વિસ	દશા શ્રીમાળી દેરા. જૈન મોરબી – બોરીવલી (વે)	(ઘર) ૨૮૯૯૭૬૪૧ (મો) ૯૮૯૦૧૩૬૬૬૨
૨૨)	શ્રેણિક રમેશચંદ્ર દોશી, ૧૮-૨-૧૯૮૦, ૫'-૬'' B.Com., – બિઝનેસ (કેમિકલ સપ્લાયર)	ઘો. વીસા શ્રીમાળી દેરા. જૈન સનાલિયા – કાંદિવલી (વે)	(ઘર) ૨૮૦૭૯૨૬૪ (મો) ૯૮૨૦૮૨૪૨૦૧
૨૩)	સોહિલ ભરતકુમાર શાહ, ૩૦-૯-૧૯૮૨, ૫'-૧૦'' B.E. (Electronics-Tele. Eng.) – સર્વિસ	શ્રી કાં. સ. વી. શ્રી. જૈન આગલોડ – અંધેરી	(ઘર) ૨૮૩૭૦૯૧૩ (મો) ૯૮૬૭૨૮૩૭૦૯
૨૪)	તેજસ પ્રદીપભાઈ શાહ, ૧૫-૧૧-૧૯૮૨, ૫'-૬'' S.Y.J.C. & Computer, – બિઝનેસ	શ્વે. મૂ. પૂ. દેરા. જૈન વેરાવળ – મુંબઈ	(ઘર) ૬૪૧૫૦૦૮૮ (મો) ૯૨૨૩૨૩૩૯૧૧
૨૫)	વૈભવ પંકજભાઈ કામદાર, ૨૭-૨-૧૯૮૫, ૫'-૬'' B.E. (I.T.) – સર્વિસ (મો. ૯૮૩૩૦૩૩૦૫૭)	દશા દિગંબર જૈન બોટાદ – વિલે પાર્લે (વે)	(ઘર) ૨૬૧૨૭૪૮૯ (ઑ) ૨૨૦૧૬૬૫૬
૨૬)	યજ્ઞેશ નવીનચંદ્ર મહેતા, ૧૩-૨-૧૯૮૮, ૫'-૭'' M.B.A., – સર્વિસ (IT)	દશા શ્રીમાળી સ્થા. જૈન મોરબી – હૈદરાબાદ	(ઘર) ૬૬૬૨૬૬૭૦ (મો) ૯૮૪૯૪૧૦૩૪૨
૨૭)	રાજન કિરીટકુમાર મહેતા ૭-૪-૧૯૮૫ ૫'-૧૦'' H.S.C., – પ્રિન્ટિંગનો બિઝનેસ (મંગળ છે)	દશા શ્રીમાળી સ્થા. જૈન વરાડિયા – ઘાટકોપર	(ઘર) ૨૧૦૨૩૭૭૪ (મો) ૯૮૨૧૪૪૨૮૫૦
૨૮)	મિતુલ ભુપતરાય ઠોસાણી ૧૬-૧-૧૯૭૯, ૫'-૮'' B.E. Mechanical – સર્વિસ (શનિ છે)	દશા શ્રીમાળી સ્થા. જૈન સાવરકુંડલા – મલાડ	(ઘર) ૨૮૮૩૦૮૨૭ (મો) ૯૮૧૯૭૦૭૪૯૪

૨૦૧૨માં વિદેશ યાત્રાએ જવું છે ? 'GEM TOURS' આપે છે સર્વશ્રેષ્ઠ-વિસ્તૃત-બાદશાહી પસંદગીઓ, અકલ્પનીય ભાવે !!!

સાઉથ આફ્રિકા
દિ-૧૦, ONLY ₹99999pp

સાઉથ આફ્રિકા-વિકટોરીયા ફોલ્સ
દિ-૧૨, ONLY ₹139999pp

સાઉથ આફ્રિકા-કેન્યા
દિ-૧૪, ONLY ₹159999pp

યુરોપ
દિ-૧૭, ONLY ₹169999 to 194999pp

હંગેરી-બુડાપેસ્ટ-પ્રાગ-બર્લીન-ઈન્સબ્રુક
દિ-૧૫, ONLY ₹164999pp

રશિયા-સ્કેન્ડીનેવીયા
દિ-૨૦, ONLY ₹274999pp

ગ્રીસ-તુર્કી (ઊંડાણપૂર્વક)
દિ-૧૪, ONLY ₹174999pp

સ્પેન-પોર્ટુગલ-લિસ્બન-પોર્ટોબાનુસ
દિ-૧૩, ONLY ₹164999pp

વિશ્વમાં સૌ પ્રથમવાર : ICE LAND સાથે FJORDની અદ્‌ભૂત ક્રુઝ : US$ 2999 to 4444

CASTLES અને ESTATES સાથે અતિ વૈભવી : IRELAND
દિ-૯, ONLY ₹149999pp
આપણ મહારાજ 5* CASTLES માં આપણી જ શુધ્ધ શાકાહારી રસોઈ બનાવશે. આ પ્રકારની ટુર ભારતથી સૌ પ્રથમવાર.

અમેરિકા સાથે અલાસ્કા FREE
દિ-૨૪, ONLY ₹224999pp

ફકત અમેરિકા
દિ-૧૭, ONLY ₹174999pp

કેનેડીયન રોકીસ-અલાસ્કા
દિ-૧૭, ONLY US$ 2999 to 4999pp
ક્રુઝમાં FREE UPGRADE SUITE ROOM

100% ન્યુઝીલેન્ડ
દિ-૧૩, ONLY ₹164999pp

ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડ
દિ-૧૯, ONLY ₹264999pp

ફારઈસ્ટ
દિ-૧૩, ONLY ₹69999 to 99999pp

થાઈલેન્ડ
દિ-૬, ONLY ₹29999 to 34999pp

હોંગકોંગ-મકાઉ-સેન્ઝેન
દિ-૯, ONLY ₹64999pp

બ્રાજિલ-આર્જેન્ટીના-પેરૂ
દિ-૧૬, ONLY ₹349999pp

દુબઈ
દિ-૫, ONLY ₹40999pp

શ્રીલંકા-માલ્દીવ્સ
દિ-૧૦, ONLY ₹89999pp

GEM
TOURS & TRAVELS
THE LUXURY TOUR CO.
(AN ITIL ENTERPRISE)

HEMANG DOSHI : 9322216626 ★ HEMEN KATHAWALA : 9819084064
AMIT JAIN : 9867574455 ★ DARSHITA MEHTA : 9820604660
DOLLY JAIN : 9004703237 ★ KEJAL DOSHI : 9820950276

CHOWPATTY	: 23677070	PARLE (W)	: 26178300
PARLE (E)	: 9920378997	KALBADEVI	: 65892741
GHATKOPAR	: 21026883	MULUND	: 25933841/42
KANDIVALI (W) M.G. ROAD	: 28659347	BORIVALI	: 8898222787
S. V. ROAD	: 28645005	PUNE	: 09326222552

ITIL

www.gemtravels.com ★ bshah@gemtravels.com ★ www.facebook.com/gemtours

JAGRUTI SANDESH Regd. No. MH/MR North East/03/2010-2012
Price Rs.5-00 RNI No. 66215/96 Posted At Patrika Chenal Stg. Office, Mumbai-1. On 23-24/05/2012

BECOME AN IT GRADUATE

Join 3 Years Govt. Recog. Univ. Degree Programme

Admissions Open for Academic Year 2012 - 2013

B.Sc.
in Visual Media (Animation)

B.Sc.
in System & Network Administration

BCA
in Web & Software

UNIVERSITIES

Annamalai University
Estd. in 1929, Recognised by the UGC, NAAC & DEC.

Karnataka State Open University
Estd. in 1996, Recognised by the UGC, DEC & AIU

YCMOU
Estd. in 1989, Recognised by the UGC

St. Angelo's
PROFESSIONAL EDUCATION
INSTITUTION FOR TECHNOLOGY & MANAGEMENT

986 786 4444 / 932 003 6666
Email : enquiry@saintangelos.com www.saintangelos.com

- Students of all streams - Commerce, Arts & Science can apply for admission
- CAREER DISHA : Free Aptitude Test to choose Right Career Path

All Degree Programmes at St. Angelo's are offered in Distance Education mode from Govt. Recog. Universities approved by UGC

Hon.Editor: Ramesh Sanghavi, Publisher : Jain Jagruti Centre Central Board, 201, Matharu Arcade, Subhash Road, Vile Parle (E), Mumbai-400 057. Ph : 66973038. Printed at Nitin Badani, Arihant Printing Press, Ghatkopar (E), Mumbai-75. Mobile : 9223430415